

P.07

વિદ્યા બાલન અક્ષય કુમારની પત્ની, રાશિ એક્સ ગર્લફ્રેન્ડની ભૂમિકામાં

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૪ અંક : ૧૬૮ I વિક્રમ સંવત ૨૦૮૨ : મહા સુદ ૦૮ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

itor : Avesh K Malaviya • Year : 04 • Issue : 168 • Dt.26-01-2026 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, astrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125



P.07

રિચા ચઢ્ઢાની નવા શો માટેની ચીક બોબ હેરસ્ટાઈલ વાયરલ બની


૬૧ના મોત, ૪૫૮ ઘરો જમીનદોસ્ત, ૧૨ રાજ્યોમાં અંધારપટ I અફઘાનિસ્તાન પર આભ ફાટ્યું

07



26 JANUARY- 2026 MONDAY



07

૧૩૦૦૦ ફ્લાઈટ્સ રદ, બત્તી ગુલ, લોકોને ઘરમાં રહેવા અપીલ, અમેરિકામાં બરફનું તોફાન

મલેશિયાથી આવેલા ૪ પેડલરની ધરપકડ

કડક તપાસ અને તેમના સામાનનું સ્કેનિંગ કરતા તેમાંથી આશરે ૧૨ કિલો ૪૦૦ ગ્રામ હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો

# અમદાવાદ એરપોર્ટ રૂ. ૧૨ કરોડનો હાઈબ્રિડ ગાંજો પકડાયો

## અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કસ્ટમ્સ અને સુરક્ષા એજન્સીઓએ બાતમીના આધારે એક મોટા ઈન્ટરનેશનલ ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કર્યો

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ I

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કસ્ટમ્સ અને સુરક્ષા એજન્સીઓએ બાતમીના આધારે એક મોટા ઈન્ટરનેશનલ ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. એરપોર્ટ પર ચેકિંગ દરમિયાન અંદાજે ૧૨ કરોડ રૂપિયાની કિંમતનો નશીલો પદાર્થ ઝડપી પાડવામાં આવ્યો છે. આ સાથે જ ચાર શખસની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.મળતી માહિતી મુજબ, મલેશિયાથી ફ્લાઈટ મારફતે અમદાવાદ એરપોર્ટ ઉતરેલા અજય પાંડે, સંદીપ, રોની અને મનપ્રિતની હિલચાલ શંકાસ્પદ જણાતા એજન્સીઓએ તેને અટકાવ્યા હતા. તેની કડક તપાસ અને તેમના સામાનનું સ્કેનિંગ કરતા તેમાંથી આશરે ૧૨ કિલો ૪૦૦ ગ્રામ હાઈબ્રિડ ગાંજો મળી આવ્યો હતો. આ હાઈબ્રિડ ગાંજો વિદેશી માર્કેટમાં ખૂબ ઊંચી કિંમત ધરાવે છે અને ઈન્ટરનેશનલ બજારમાં તેની અંદાજિત કિંમત ૧૨ કરોડ રૂપિયા જેટલી આંકવામાં આવી રહી છે. સુરક્ષા એજન્સીઓએ ડ્રગ્સનો આ જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે,ઝડપાયેલા આરોપીઓ પૈકી એક વ્યક્તિ વડોદરાનો વતની છે, જ્યારે બાકીના ત્રણ આરોપીઓ પંજાબના જલંધરના રહેવાસી છે. આ ચારેય આરોપીઓ બેંગકોકથી વાયા કુઆલાલુમ્પુર થઈને મલેશિયા એરલાઈન્સમાં આવ્યા હતા.




ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં તેની સપ્લાય કરવાની પેરવીમાં હતા. હાલમાં ઈન્ટરનેશનલ ડ્રગ્સ સિન્ડિકેટ સાથે તેના તાર ક્યાં જોડાયેલા છે તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કસ્ટમ્સ અને સુરક્ષા એજન્સીઓએ બાતમીના આધારે એક મોટા ઈન્ટરનેશનલ ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કર્યો છે. એરપોર્ટ પર ચેકિંગ દરમિયાન અંદાજે ૧૨ કરોડ રૂપિયાની કિંમતનો નશીલો પદાર્થ ઝડપી પાડવામાં આવ્યો છે. આ સાથે જ ચાર શખસની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ગુજરાતના જંગલોમાંથી ચોરી કરાયેલ અંદાજે ૨,૦૫૫ મેટ્રિક ટન ખેરના લાકડાનો જથ્થો જપ્ત

# ઇડીની મોટી કાર્યવાહી ગોધરાના મુસ્તાક અને તાહિર સહિત અન્યની રૂપિયા ૧૪ કરોડની મિલકતો જપ્ત કરાઈ

I પ્રતિનિધિ, પંચમહાલ, તા.૨૫ I

ગોધરા તા.૨૪ રાજયમાં ખેરના લાકડાની તસ્કરી કરવાના નોંધાયેલા ગુનામાં ઈડીએ ગોધરાના બે શખ્સો સહિત આ નેટવર્કમાં સંડોવાયેલા અન્ય આરોપ ીઓની કુલ રૂા.૧૧.૩૦ કરોડની ૧૪ મિલકતો જપ્ત કરાતા લાકડા ચોરોમાં ફફડાટ ફેલાયો છે.પ્રાપ્ત માહિતી મુજબ રાજ્યના વન વિભાગે મધ્યપ્રદેશના અલીરાજપ ુર ખાતે આવેલા શાલીમાર એન્ટરપ્રાઈસ ડેપોમાં રેડ કરી ગુજરાતના જંગલોમાંથી ચોરી કરાયેલ અંદાજે ૨,૦૫૫ મેટ્રિક ટન ખેરના લાકડાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. વન વિભાગ દ્વારા ખેરના લાકડાનો આ વિશાળ જથ્થો ૨૪૭ ટ્રક મારફતે પરિવહન કરી સુરતના માંડવી ડેપો ખાતે લાવવામાં આવ્યો હતો. સુરત વન વિભાગ દ્વારા તા.૧૪ જૂન ૨૦૨૪ ના રોજ ખેરના લાકડાનો જથ્થો ઝડપ્યા બાદ તેનો ગુનો નોંધવામાં આવ્યો હતો. આ ગુનાની તપાસ દરમિયાન મોટા પાયે નાણાંકીય હેરફેર ધ્યાને આવતા ઈડીએ પણ તપાસમાં ઝંપલાવ્યું હતું.તપાસમાં ગોધરાના મુસ્તાક આદમ તાસીયા તથા તાહિર અહેમદ હુસેન અને મધ્યપ્રદેશના અલીરાજપુરના આરીફઅલી અમજદઅલી મકરાણી સહિત અન્ય કેટલાક ઈસમો ખેરના લાકડાની તસ્કરીમાં સંડોવાયેલા હોવાનું બહાર આવ્યું હતું. અત્યાર સુધીમાં આ ગુનામાં સંડોવાયેલા આઠ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. ઈડીએ ગોધરાના મુસ્તાક આદમ તાસીયા અને તાહિર અહમદ હુસૈન અને મધ્યપ્રદેશના એક વ્યક્તિ સહિત ખેરના લાકડાની તસ્કરીના આ કેસમાં સંડોવાયેલા અન્ય આરોપીઓની કુલ રૂા.૧૧.૩૦ કરોડની ૧૪ મિલકત જપ્ત કરી દીધી છે.ઉલ્લેખનીય છે કે ખેરના લાકડાની તસ્કરી પ્રતિબંધિત છે. ખેરના લાકડામાંથી કાથો બને છે.







### મા‍ંગરોળમાં નદીની મધ્યધારામાં અર્પણ કરાઈ ૧૫૦૦ ફૂટ લાંબી ચુંદડી

# નર્મદા જયંતિએ રેવાના કાંઠે ઉમટ્યો ભક્તિનો મહાસાગર

**માંગરોળ ખાતે નર્મદા નદી ‘ઉત્તરવાહિની’ સ્વરૂપે વહે છે । જેનું ધાર્મિક દ્રષ્ટિએ અનન્ય મહત્ત્વ છે**

| પ્રતિનિધિ, નર્મદા, તા.૨૫ |

નર્મદા જયંતિના પાવન પર્વે નર્મદા કિનારે ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. ભરૂચ જિલ્લાના માંગરોળ ખાતે ગ્રામજનો દ્વારા અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ૧૫૦૦ ફૂટ લાંબી સાડી (ચુંદડી) માતા નર્મદાને અર્પણ કરી વિશ્વ કલ્યાણની પ્રાર્થના કરવામાં આવી હતી.માંગરોળ ખાતે નર્મદા નદી ‘ઉત્તરવાહિની’ સ્વરૂપે વહે છે, જેનું ધાર્મિક દ્રષ્ટિએ અનન્ય મહત્ત્વ છે. ચૈત્ર માસમાં અહીં હજારો શ્રદ્ધાળુઓ પરિક્રમા માટે ઉમટી પડે છે. આજે નર્મદા જયંતિ નિમિત્તે સુરતથી ખાસ મંગાવવામાં આવેલી ૧૫૦૦ ફૂટ લાંબી સાડી માંગરોળના કિનારેથી સામે પાર રીંગણી ગામના કિનારા સુધી અર્પણ કરવામાં આવી હતી.આ ભવ્ય આયોજનમાં ૧૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ જોડાયા હતા. નદીની મધ્યધારામાં ૧૫ જેટલી નાવડીઓની મદદથી સાડીને એક છેડેથી બીજા છેડા સુધી ફેલાવી માતાજીને ઓઢાડવામાં આવી હતી. મંત્રોચ્ચાર અને ‘નર્મદે સર્વદે’ના નાદ સાથે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. વિશેષ વાત એ છે કે, અર્પણ કર્યા બાદ આ સાડી પરત લેવામાં આવી હતી, જે હવે પ્રસાદી સ્વરૂપે ગ્રામજનોમાં વહેંચવામાં આવશે.પૌરાણિક માન્યતા અનુસાર, ભગવાન શિવ જ્યારે મૈકલ પર્વત પર તપસ્યા કરી રહ્યા



હતા, ત્યારે તેમના પરસેવાના ટીપામાંથી એક કુંડ રચાયો અને તેમાંથી એક કન્યાનો જન્મ થયો, જે નર્મદા તરીકે ઓળખાયા. શિવજીના આદેશથી તેઓ રેવા (અવાજ) કરતા વહેવા લાગ્યા, તેથી તેમનું નામ ‘રેવા’ પણ પડ્યું. મૈકલ પર્વતમાંથી ઉદ્ભવતા હોવાથી તેમને ‘મૈકલ સુતા’ પણ કહેવામાં આવે છે.ગંગામાં સ્નાન કરવાનું જે ફળ મળે છે, તે નર્મદાના માત્ર દર્શનથી મળે છે તેવી લોકવાયકા છે. મહર્ષિ માર્કન્ડેય અનુસાર નર્મદાના કણ-કણમાં શંકર (નર્મદેશ્વર મહાદેવ) વસે છે. ભારતની સાત પવિત્ર નદીઓમાં નર્મદાનું સ્થાન અગ્રગણ્ય છે. પ્રલય કાળમાં પણ નર્મદા નદી શાંત અને અવિરત વહેતી હોવાનું પુરાણોમાં વર્ણન છે.આ ભવ્ય આયોજનમાં ૧૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ જોડાયા હતા. નદીની મધ્યધારામાં ૧૫ જેટલી નાવડીઓની મદદથી સાડીને એક છેડેથી બીજા છેડા સુધી ફેલાવી માતાજીને ઓઢાડવામાં આવી હતી. મંત્રોચ્ચાર અને ‘નર્મદે સર્વદે’ના નાદ સાથે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

## વડોદરા એસ.ટી. વિભાગની ગેરકાયદે પેસેન્જર હેરાફેરી સામે કાર્યવાહી

| પ્રતિનિધિ, વડોદરા, તા.૨૫ |

વડોદરા એસટી વિભાગની સુરક્ષા શાખા દ્વારા છેલ્લા એક સપ્તાહ દરમિયાન વડોદરા પોલીસ સાથે મળી સી.ઓ. ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ગેરકાયદેસર રીતે પેસેન્જરોની હેરાફેરી કરતા વાહનો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે.મળતી માહિતી મુજબ, ચેકિંગ દરમિયાન કુલ ૬૩ વાહનો ગેરરીતિથી મુસાફરો લઈ જતા ઝડપાયા હતા, જેના બદલામાં રૂ. ૩૦,૫૦૦નો દંડ વસૂલવામાં આવ્યો છે. જ્યારે નિયમોનો ભંગ કરતા ૨૦ વાહનો ડીટેન કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વડોદરા આરટીઓ સાથે સંયુક્ત રીતે કરાયેલી તપાસમાં વધુ ૮ વાહનો સામે કાર્યવાહી કરી રૂ. ૬૧,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે.

## ધોળકાના કૌકા ગામે લગ્ન પ્રસંગમાં ૩૮ થી વધુ લોકોને ફૂડ પોઇઝનિંગ

| પ્રતિનિધિ, બગોદરા, તા.૨૫ |

ધોળકાના કૌકા ગામે વ્હોરા મુસ્લિમ સમાજના એક લગ્ન પ્રસંગમાં મીઠાઈ ખાધા બાદ ૩૮થી વધુ લોકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હતી. દર્દીઓની સંખ્યા વધતા ગામની હાઈસ્કૂલમાં કામચલાઉ હોસ્પિટલ ઉભી કરવી પડી હતી. હાલ તમામ દર્દીઓની તબિયત સ્થિર છે.કૌકા ગામે વ્હોરા મુસ્લિમ સમાજના લગ્ન પ્રસંગમાં સામસામે મીઠાની રસમ ચાલી રહી હતી. મીઠાઈ ખાધા બાદ મહેમાનોને ઉબકા અને ઉલટી થવા લાગી હતી. જોતજોતામાં બીમાર લોકોનો આંકડો વધવા લાગ્યો.ઘટનાની ગંભીરતા જોતા ધોળકા, વટામણની પાંચ ૧૦૮ એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. દર્દીઓની સંખ્યા વધુ હોવાથી ગામની નૂર હાઈસ્કૂલ ખાતે જ કામચલાઉ હોસ્પિટલ ઊભી કરી સારવાર શરૂ કરાઈ હતી. આરોગ્ય વિભાગે કુલ ૯૦ લોકોની તપાસ કરી હતી, જેમાંથી ૩૮ લોકોને સારવાર આપવામાં આવી હતી.વધુ અસરગ્રસ્ત ૫ દર્દીઓને તાત્કાલિક ધોળકા હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા.

## પંજાબમાં આરડીએક્સ બ્લાસ્ટના એલર્ટ બાદ ગોધરા રેલવે સ્ટેશન પર હાઈ-એલર્ટ

| પ્રતિનિધિ, પંચમહાલ, તા.૨૫ |

બોમ્બ અને ડોગ સ્ક્વોડ સાથે સઘન સર્ચ ઓપરેશનપંજાબના સરહિંદ રેલવે સ્ટેશન પર આરડીએક્ક્સ બ્લાસ્ટની શક્યતા અંગે ગુપ્તચર એજન્સીઓના ગંભીર ઈનપુટ મળતા જ સમગ્ર દેશના રેલવે તંત્રને સાવધ કરવામાં આવ્યું છે. આ એલર્ટના પગલે પશ્ચિમ રેલવેના મહત્ત્વના સ્ટેશન એવા ગોધરા ખાતે પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા મુસાફરોની સુરક્ષા માટે સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.મુસાફરોની સુરક્ષાને સર્વોપરી ગણીને જીઆરપી,આરપીએફ અને અન્ય સુરક્ષા એજન્સીઓ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ હતી. ગોધરા રેલવે સ્ટેશન ખાતે બપોરે ૧૨થી ૧ વાગ્યા દરમિયાન ઉચ્ચ અધિકારીઓની સીધી દેખરેખ હેઠળ આખું ઓપરેશન ચલાવવામાં આવ્યું હતું.આ સર્ચ ઓપરેશનમાં ગોધરા સ્પેશિયલ બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ અને ડોગ સ્ક્વોડની મદદ લેવામાં આવી હતી. જેમાં પ્લેટફોર્મ, યાર્ડ, ટ્રેક વિસ્તાર, મુસાફરખાના અને સામાનની ઝીણવટભરી તપાસ કરી હતી. આશરે એક કલાક સુધી ચાલેલી આ કવાયતમાં કોઈ પણ શંકાસ્પદ વસ્તુ, કેમિકલ કે શંકાસ્પદ વ્યક્તિ મળી આવ્યા ન હતા. સઘન ચેકિંગ બાદ પરિસ્થિતિ સામાન્ય જણાતા રેલવે વહીવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. બોમ્બ અને ડોગ સ્ક્વોડ સાથે સઘન સર્ચ ઓપરેશનપંજાબના સરહિંદ રેલવે સ્ટેશન પર આરડીએક્ક્સ બ્લાસ્ટની શક્યતા અંગે ગુપ્તચર એજન્સીઓના ગંભીર ઈનપુટ મળતા જ સમગ્ર દેશના રેલવે તંત્રને સાવધ કરવામાં આવ્યું છે. આ એલર્ટના પગલે પશ્ચિમ રેલવેના મહત્ત્વના સ્ટેશન એવા ગોધરા ખાતે પોલીસ અને સુરક્ષા એજન્સીઓ દ્વારા મુસાફરોની સુરક્ષા માટે સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.

### જનતા માર્કેટમાં વેટરનીટી તબીબ પાસે સારવાર કરાવી પરંતુ અંતે શ્વાન રોકીએ દમ તોડી દીધો

# મહેસાણામાં પાલતુ શ્વાનના મૃત્યુએ પરિવાર અને સોસાયટીને શોકમાં ડુબાડી દીધા : રોકીને વિધિવત અંતિમ વિદાય અને બેસણું યોજાયું

| પ્રતિનિધિ, મહેસાણા, તા.૨૫|

મહેસાણા શહેરમાં ગાંધીનગર લિંક રોડ પર આવેલી ગેલેક્સી હાઈટ્સ સોસાયટીમાં રહેતા રાજકીય અને સામાજિક અગ્રણી રોનકબેન પટેલ અને તેમના પુત્ર યક્ષને તેમના પાલતુ શ્વાન રોકીના અકાળ અવસાનથી ઊંડો આઘાત લાગ્યો છે. માત્ર સવા બે વર્ષના નાનકડા શ્વાને આકસ્મિક રીતે ઝેરી ભમરી તેના મોઢામાં લઈ લેતા તે ભમરી ગળામાં રહેલી નસમાં કરડી લેતાં તેના લોહીનું ભ્રમણ બંધ થઈ ગયું હતું જેના કારણે તેનું મૃત્યુ થયું હતું, જેણે ન માત્ર પરિવારને પરંતુ આખી સોસાયટી અને શ્વાન પ્રેમીઓને શોકમાં ડુબાડી દીધા છે. રોનકબેન પટેલે જણાવ્યું હતું કે, રોકી અમારા પરિવારનો અભિન્ન સભ્ય હતો. તેની વફાદારી અને નિર્દોષ ખુશીઓ અમારા



જીવનને અર્થપૂર્ણ બનાવતી હતી. તેને ઝેરી ભમરી કરડી જતા અમે તરત જ જનતા માર્કેટમાં આવેલ વેટરનરી હોસ્પિટલમાં ડૉ. અનિલભાઈ પાસે સારવાર કરાવી, પરંતુ તે જિંદગી અને મોતની લડાઈમાં હારી ગયો. ૨૪ જાન્યુઆરીના રોજ તેનું અવસાન થતાં અમારું હૃદય તૂટી પડ્યું છે.

રોકી સોસાયટીના તમામ સભ્યોનું પણ લાડલું હતું. તેની સાથે રમતા બાળકો, તેને લાડ કરતા ડોશીઓ અને આખી સોસાયટી તેને પોતાના જેવો જ માનતી હતી. રોકીના મૃત્યુના સમાચાર મળતાં જ શ્વાન પ્રેમીઓમાં શોકની લહેર ફરી વળી હતી. તેની અંતિમ ક્રિયા વિધિવત રીતે કરવામાં આવી, જેમાં પરિવાર અને સોસાયટીના સભ્યોએ ચહેરા પર નિરાશા અને આંખોમાં આંસુ સાથે તેને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

૨૫ જાન્યુઆરીના રોજ રોકીનું બેસણું યોજાયું હતું, જે માનવ જાતિમાં યોજાતા બેસણા જેવું જ વિધિવત અને ભાવપૂર્વક હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા, જેમાં રોનકબેન અને રોકી સાથે લાગણીશીલ જોડાણ ધરાવતા વ્યક્તિઓનો સમાવેશ થતો હતો. શ્વાન પ્રેમીઓએ આંખોમાં અશ્રુધારા સાથે પુષ્પાંજલિ અર્પણ કરીને તેને યાદ કર્યો હતો.રોનકબેન પટેલ, જે રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં અગ્રણી વ્યક્તિ છે, તેમણે કહ્યું કે, રોકી અમારા માટે માત્ર પાલતુ નહીં, પરિવારનો ભાગ હતો. તેના અવસાનથી અમે ખૂબ જ દુઃખી છીએ, પરંતુ તેની યાદો અમને હંમેશા પ્રેરણા આપશે.

## મલાતજના દંપતીને કેનેડાના વિઝા અપાવાના બહાને ૧૪.૧૫ લાખની છેતરપિંડી

| પ્રતિનિધિ, આણંદ, તા.૨૫ |

સોજીત્રા તાલુકાના મલાતજ ગામના એક યુવકને તેની પત્નીના કેનેડાના વર્ગ પરમિટ વિઝા અપાવાના બહાને ભૂમેલ તથા દિલ્હીના એજન્ટે કુલ રૂપિયા ૧૪.૧૫ લાખનો ચૂનો ચોપડયો હતો જે અંગે સોજીત્રા પોલીસે છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તાલુકાના મલાતજ ગામના વણકરવાસમાં રહેતા પંકજભાઈ દિનેશભાઈ શ્રીમાળીના મિત્ર સુરેશભાઈ બાબુભાઈ પરમારને ભૂમેલ ગામે રહેતા અને વિઝા કન્સલ્ટન્સીનું કામકાજ કરતા કમલેશભાઈ શીવાભાઈ ઉર્ફે સીરીલભાઈ મેકવાન સાથે ઓળખાણ હોવાથી તેઓ પરિચયમાં આવ્યા હતા. દરમિયાન કમલેશભાઈએ ઈઝરાયેલ ખાતે રહેતી પંકજભાઈની પત્ની કેતલબેનના કેનેડાના વર્ક પરમીટ વિઝા અપાવી દેવાની વાત કરી હતી અને વિઝા પ્રોસેસ માટે ઓરીજનલ પાસપોર્ટની જરૂર પડશે તેમ કહેતા પંકજભાઈએ પોતાની પત્નીને ઈઝરાયેલથી પરત બોલાવી લીધી હતી. ત્યારબાદ કમલેશભાઈને કેનેડાના વર્ક પરમિટ વિઝાનું કામ સોપ્યું હતું. કમલેશભાઈએ ન્યુ દિલ્હીના પહાડગંજ ખાતે રહેતા રિતિકાબેન ભુપેન્દ્રભાઈ ડબ્બરને વિઝાનું કામ સોંપ્યું હતું અને તે પેટે પ્રથમ રૂપિયા પાંચ લાખ લીધા બાદ કમલેશભાઈએ પોતાના મોબાઈલમાં કેનેડાના વિઝાનો ફોટો બતાવ્યો હતો.

## જામનગરમાંથી ડિગ્રી વગરનો બોગસ તબીબ પકડાયો

| પ્રતિનિધિ, જામનગર, તા.૨૫ |

જામનગર તાલુકાના સચાણા ગામમાં એક બોગસ તબીબ પોતાની પાસે ડિગ્રી ન હોવા છતાં ગરીબ દર્દીના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યો હોવાની બાતમીને આધારે એસ ઓ જી ની ટુકડીએ દરોડો પાડી, બોગસ તબીબને ઝડપી લીધો છે, અને તેની સામે આગળની કાર્યવાહી હાથ ધરી છે.જામનગરની એસઓજી શાખાની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે જામનગર તાલુકાના સચાણા ગામમાં એક મકાન ભાડે રાખીને પરપ્રાંતિય શખ્સ પોતે ડોક્ટર નથી તેમ છતાં તબીબી પ્રેક્ટિસ કરી રહ્યા છે, જે બાતમી ના આધારે ગઈકાલે સચાણા ગામમાં દરોડો પડ્યો હતો. જે દરોડા દરમિયાન મૂળ પશ્ચિમ બંગાળનો વતની ઈસ્માઈલ અલામરાહી તૈયબ શેખ (ઉ.વ.૪૬) કે જે પોતે કોઈપણ પ્રકારની ડીગ્રી ધરાવતો ન હોવા છતાં દર્દીઓને તપાસીને તેઓના આરોગ્ય સાથે ચેડાં કરી રહેલો મળી આવ્યો હતો.પોલીસ દ્વારા તેની પૂછપરછ કરાતાં પોતાની પાસે કોઈ પણ પ્રકારની ડીગ્રી ન હોવાનું કબૂલ્યું હતું. તેથી પોલીસે તેની અટકાયત કરી લઈ તેની સામે પંચકોસી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.જામનગર તાલુકાના સચાણા ગામમાં એક મકાન ભાડે રાખીને પરપ્રાંતિય શખ્સ પોતે ડોક્ટર નથી તેમ છતાં તબીબી પ્રેક્ટિસ કરી રહ્યા છે, જે બાતમી ના આધારે ગઈકાલે સચાણા ગામમાં દરોડો પડ્યો હતો.




મકરબા પોલીસ હેડક્વાર્ટર ખાતે ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટે એક કાર્યક્રમનું આયોજન

# અમદાવાદ : પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં સમ્રાટ સહિતના અશ્વોના કરતબ આકર્ષણનું કેન્દ્ર બનશે

## પોલીસ, હોમગાર્ડ, જીઆરડી અને સ્ટુડન્ટ પોલીસ કેડેટના પ્લાટુન દ્વારા પરેડ અને માર્ચ પાસ્ટ કરવામાં આવશે



। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૫ ।

અમદાવાદ જિલ્લા તંત્ર દ્વારા મકરબા પોલીસ હેડક્વાર્ટર ખાતે ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પોલીસ, હોમગાર્ડ, જીઆરડી અને સ્ટુડન્ટ પોલીસ કેડેટના પ્લાટુન દ્વારા પરેડ અને માર્ચ પાસ્ટ કરવામાં આવશે. આ વર્ષે પરેડમાં ૧૪ ટેબલો રજૂ કરવામાં આવશે. જેમાં ૧૦ ટેબલો સરકારના વિવિધ વિભાગોના હશે અને ૪ વિશેષ ટેબલો પોલીસ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. આ ટેબલોની આગળ બાળકોનું બેન્ડ આકર્ષણ જમાવશે. એટલું જ નહીં ડોગ અને અશ્વના કરતબો બતાવશે. આ પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સૌથી મોટું આકર્ષણ અશ્વ પ્રદર્શન રહેશે. આંતરરાષ્ટ્રીય હોર્સ રાઈડર અરનેશભાઈ નટુલભાઈ તેમના સુપ્રસિદ્ધ અશ્વ 'સમ્રાટ' પર સાહસિક કરતબો બતાવશે. ઉલ્લેખનીય છે કે, 'સમ્રાટ' અશ્વે ઓલ ઈન્ડિયા ઈક્વેશન મીટમાં ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ જીતેલા છે. અશ્વ સવારો દ્વારા ટેન પેકિંગ, જમ્પિંગ અને બેરલ પાસ જેવા કરતબો રજૂ કરવામાં આવશે. જેમાં લક્ષ્મી અને રોબીન અશ્વ પોતાની કુશળતાનું પ્રદર્શન કરશે.

આ ઉપરાંત ડ્રગ્સ સામેની લડાઈમાં ગુજરાત પોલીસની કામગીરી અને જનજાગૃતિનો સંદેશ આપતો NDPS અને જનજાગૃતિનો ટેબલો, સાયબર સુરક્ષા અને ગાંધીનગર ખાતે નિર્મિત સાયબર એક્સલેન્સ સેન્ટરની ઝાંખી કરાવતો સાયબર ક્રાઈમનો ટેબલો, પોલીસ પાસે રહેલા અત્યાધુનિક હથિયારો જેવા કે કોર્નર શોર્ટ ગન, સ્નાઈપર ગન અને ગ્લોકનું પ્રદર્શન કરતો આધુનિક હથિયારોનો ટેબલો સહિત ૧૧૨ સર્વિસ, ડ્રોન ટેકનોલોજીનો પોલીસ મેનેજમેન્ટમાં ઉપયોગ અને આધુનિક કોમ્યુનિકેશન સાધનોનું નિદર્શન કરતો ટેકનોલોજી અને કોમ્યુનિકેશનનો ટેબલો પરેડમાં જોવા મળશે.

આ સાથે ટેબલોની સાથે પોલીસ વિભાગની આધુનિક વેહિકલ ફલીટ પણ જોવા મળશે, જેમાં વરુણ, વજ્ર અને વીવીઆઈપી સિક્યુરિટી માટેના એક્સ-રે મશીન વેહિકલ સામેલ હશે. પરેડ અને ટેબલો બાદ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે શિવસ્તુતિ, યોગા અને ફોક ડાન્સ યોજાશે. એસઓજી દ્વારા ઓપરેશનલ ડ્રીલ અને ડોગ સ્કોડનું પ્રદર્શન પણ રજૂ કરવામાં આવશે.

અમદાવાદ જિલ્લા તંત્ર દ્વારા મકરબા પોલીસ હેડક્વાર્ટર ખાતે ૭૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી માટે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પોલીસ, હોમગાર્ડ, જીઆરડી અને સ્ટુડન્ટ પોલીસ કેડેટના પ્લાટુન દ્વારા પરેડ અને માર્ચ પાસ્ટ કરવામાં આવશે. આ વર્ષે પરેડમાં ૧૪ ટેબલો રજૂ કરવામાં આવશે. જેમાં ૧૦ ટેબલો સરકારના વિવિધ વિભાગોના હશે અને ૪ વિશેષ ટેબલો પોલીસ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. આ ટેબલોની આગળ બાળકોનું બેન્ડ આકર્ષણ જમાવશે. એટલું જ નહીં ડોગ અને અશ્વના કરતબો બતાવશે. આ પરેડ અને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સૌથી મોટું આકર્ષણ અશ્વ પ્રદર્શન રહેશે. આંતરરાષ્ટ્રીય હોર્સ રાઈડર અરનેશભાઈ નટુલભાઈ તેમના સુપ્રસિદ્ધ અશ્વ 'સમ્રાટ' પર સાહસિક કરતબો બતાવશે. ઉલ્લેખનીય છે કે, 'સમ્રાટ' અશ્વે ઓલ ઈન્ડિયા ઈક્વેશન મીટમાં ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ જીતેલા છે. અશ્વ સવારો દ્વારા ટેન પેકિંગ, જમ્પિંગ અને બેરલ પાસ જેવા કરતબો રજૂ કરવામાં આવશે. જેમાં લક્ષ્મી અને રોબીન અશ્વ પોતાની કુશળતાનું પ્રદર્શન કરશે.

આ ઉપરાંત ડ્રગ્સ સામેની લડાઈમાં ગુજરાત પોલીસની કામગીરી અને જનજાગૃતિનો સંદેશ આપતો NDPS અને જનજાગૃતિનો ટેબલો, સાયબર સુરક્ષા અને ગાંધીનગર ખાતે નિર્મિત સાયબર એક્સલેન્સ સેન્ટરની ઝાંખી કરાવતો સાયબર ક્રાઈમનો ટેબલો, પોલીસ પાસે રહેલા અત્યાધુનિક હથિયારો જેવા કે કોર્નર શોર્ટ ગન, સ્નાઈપર ગન અને ગ્લોકનું પ્રદર્શન કરતો આધુનિક હથિયારોનો ટેબલો સહિત ૧૧૨ સર્વિસ, ડ્રોન ટેકનોલોજીનો પોલીસ મેનેજમેન્ટમાં ઉપયોગ અને આધુનિક કોમ્યુનિકેશન સાધનોનું નિદર્શન કરતો ટેકનોલોજી અને કોમ્યુનિકેશનનો ટેબલો પરેડમાં જોવા મળશે.

## જામનગરમાં બનેવીની હત્યા કરનાર સાળા સહિત બેના રિમાન્ડ મંજૂર, 'ઉંમરના તફાવત'માં ખેલાયો ખૂની ખેલ

। પ્રતિનિધિ, જામનગર, તા.૨૫ ।

વિસ્તારમાં થયેલી ચકચારી હત્યાના કેસમાં પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી મૃતકનો સાળો અને તેના સાથીદારની ધરપકડ કરી લીધી હતી. આજે (૨૪મી જાન્યુઆરી) કોર્ટે બંને આરોપીઓના ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, પ્રેમી-પ્રેમિકા વચ્ચેની ઉંમરનો મોટો તફાવત જ આ હત્યાનું મુખ્ય કારણ હતું.મળતી માહિતી અનુસાર, વસંત પંચમીના પવિત્ર દિવસે (૨૩મી જાન્યુઆરી) શહેરના આદિનાથ એપાર્ટમેન્ટના પાંચમા માળે રહેતા ૪૦ વર્ષીય નિલય કુંડલિયા પર જીવલેણ હુમલો થયો હતો. મૃતક નિલયે પ્રેમલગ્ન કર્યા હોવાથી તેનો સાળો મનીષ મોરી રોષે ભરાયેલો હતો. મનીષ તેના સાથીદાર સોહિલ સોઢા સાથે બાઈક પર છરીઓ લઈને નિલયના ઘરે ધસી આવ્યો હતો અને નિલય પર છરીના ઉપરાછાપરી ઘા ઝીંકી તેની હત્યા કરી ફરાર થઈ ગયો હતો.પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે, મૃતક નિલયની ઉંમર ૪૦ વર્ષ હતી, જ્યારે મનીષની બહેનની ઉંમર માત્ર ૨૪ વર્ષ હતી. આ ઉંમર તફાવતને કારણે મનીષ આ સંબંધોથી નારાજ હતો. તે પોતાની બહેનને પરત લેવા માટે નિલયના ઘરે ગયો હતો, જ્યાં બોલાચાલી અને ઝઘડો ઉગ્ર બનતા મનીષે ઉશ્કેરાઈને હત્યા કરી નાખી હતી.પોલીસે તપાસના આધારે બંને આરોપીઓને સાતુદડ વિસ્તારમાંથી દબોચી લીધા હતા. આ ઉપરાંત પોલીસે ગુનામાં વપરાયેલ બાઈક અને છરી કબજે કરી હતી. આરોપીને કોર્ટમાં રજૂ કરીને પોલીસે સાત દિવસના રિમાન્ડની માંગ કરી હતી, જેની સામે કોર્ટે ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. ત્યારબાદ સિટી એ. ડિવિઝનના પી.આઈ. એન.એ. ચાવડા અને તેમની ટીમે બંને આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈ આખી ઘટનાનું 'રી-કન્સ્ટ્રક્શન' કરાવ્યું હતું.






## તંત્રી લેખ...

# ગામોથી લોકોની હિજરત

ઘટતી જતી આવકની વચ્ચે દેશના ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો શહેરી વિસ્તારો તરફ કુચ કરી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરોમાં પલાયન માટે અન્ય કેટલાક કારણો પણ રહેલા છે. થોડાક દિવસ પહેલા જ નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)દ્વારા અખિલ ભારતીય. ગ્રામીણ સમાવેશી નાણાંકીય. સર્વેક્ષણના નવા હેવાલે તમામની ચિંતાને વધારી દીધી છે. આ રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે કૃષિમાં સંલગ્ન પરિવારોની આવકમાં કૃષિ અને સહાયક ગતિવિધીની હિસ્સેદારી માત્ર ૪૩ ટકાની આસપાસ રહે છે. જ્યારે ૫૭ ટકા આવક મજુરી, નોકર અને અન્ય કારોબાર મારફતે આવે છે. એવા પરિવાર જે કૃષિમાં સામેલ રહેલા નથી તેમની સરેરાશ આવક પૈકી ૫૪.૨ ટકા મજુરી, ૩૨ ટકા સરકારી અને ખાનગી નોકરીમાંથી આવે છે. માત્ર ૧૧.૭ ટકા રકમ જ કારોબારથી મળે છે. જો કૃષિ અને બિન કૃષિમાં સામેલ પરિવારને ભેળવી દેવામાં આવે તો ગ્રામીણ ક્ષેત્રોમાં માત્ર ૨૩ ટકાની આવક જ કૃષિ મારફતે થઈ રહી છે જે ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. બાકીની ૭૭ ટકા આવક મજુરી, સરકારી અને ખાનગી નોકરી તેમજ અન્ય કારોબાર મારફતે આવક થઈ રહી છે. આ આંકડાથી જે ચિંતાજનક ચિત્ર ઉપસીને સપાટી પર આવે છે તે એ છે કે ગ્રામીણ વિસ્તારોમાં આવકની દ્રષ્ટિએ ખેતીની હાલત કફોડી બનેલી છે. જો કે કોઈ બે રીતે આંકડાની તુલના કરવાની બાબત યોગ્ય રહેતી નથી. છતાં ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવાની બાબત કેટલીક રીતે સોર્સ રહેલા છે. ગામો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવા માટે એક જ ક્ષેત્ર રહી જાય છે તે છે આવકના સાધન. કેન્દ્રિય આંકડાકીય મંત્રાલય સંગઠન ગ્રામો અને શહેરોમાં આવકના આંકડા નિયમિત રીતે પ્રકાશિત ન કરવાના કારણે સ્થિતી પર યોગ્ય તારણ કાઢવા સરળ નથી. છતાં સ્થિતી જટિલ તરીકે ઉભરી રહી છે. નાબાર્ડે સર્વેના તારણ જારી કર્યા છે. નાબાર્ડના સર્વેક્ષણ મુજબ ૫૦ હજારથી ઓછી વસ્તીના ગામો શહેરોના કુલ ૨૧.૧૭ કરોડ પરિવારોમાં માત્ર ૧૦.૦૭ કરોડ જ કૃષિ આધારિત પરિવાર છે. આ એવા લોકો છે જેમની પાસે પરિવારના કોઈ એક સભ્યની આવક પાંચ હજારથી વધારે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ દેશમાં ૬૮.૮ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે. થોડાક વર્ષ પહેલા સુધી શહેરી પ્રતિ વ્યક્તિ આવક ગ્રામીણ પ્રતિ વ્યક્તિ આવકથી નવ ગણી વધારે હતી. આંકડા શહેરી વિસ્તારમાં રહેતા લોકો અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે વધતા જતા અંતરને સાબિત કરે છે. સાથે સાથે નિતી નિયમો તૈયાર કરનાર લોકો માટે ચિંતાજનક પણ છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં લોકોની હિજરત માટેના એક મુખ્ય કારણ તરીકે આને ગણી શકાય છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો હવે ખેતીની અવગણના કરીને શહેરી વિસ્તારમાં આવી રહ્યા છે. આ પ્રવાહ જારી રહે તે યોગ્ય નથી. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની આવક સતત વધે તે જરૂરી છે.

# હાલના સમયમાં યુવા વર્ગમાં પણ હાર્ટ રોગ સંબંધિત કેસો સતત વધી રહ્યા છે

ખરાબ લાઈફસ્ટાઈલના કારણે આધુનિક સમયમાં હાર્ટ સંબંધિત દર્દીઓના કેસમાં વધારો થઈ રહ્યો છે. ખરાબ લાઈફસ્ટાઈલના કારણે યુવાનો પણ હાર્ટના રોગના શિકાર થઈ રહ્યા છે. દિલ્હીમાં પટપડગંજમાં સ્થિત મેક્સ હોસ્પિટલના હાર્ટના નિષ્ણાંત તબીબના કહેવા મુજબ ખરાબ લાઈફસ્ટાઈલ ઘાતક બની રહી છે. ખરાબ લાઈફસ્ટાઈલ અને અવ્યવસ્થિત રીતના કારણે દર્દીઓ પરેશાન થયેલા છે. દર્દીઓની સંખ્યામાં સતત વધારો થતા આને લઈને ચિંતા વધી રહી છે. શહેર અને ગ્રામીણ વિસ્તારમાં એક સમાન તકલીફ વધી રહી છે. એવુ પણ જાણવા મળી રહ્યુ છે કે યુવા વર્ગમાં ખતરો સતત વધી રહ્યો છે. પુરૂષ અને મહિલા બન્ને માટે આ બાબત ખતરનાક બનેલી છે. નિષ્ણાત તબીબો કહે છે કે સૌથી વધુ મોત દુનિયામાં હાર્ટ અટેક અને હાર્ટ ફેલ થવાના કારણે થાય છે. વિશ્વભરમાં આશરે ૧.૭૦ લાખ લોકોના મોત હાર્ટની બિમારીના કારણે થાય છે. આવી જ રીતે ભારતમાં ૩૦ લાખ લોકોના મોત સીવીડી કાર્ડિઓ વેસ્ક્યુલર બિમારીના કારણે થાય છે. જેમાં હાર્ટ અટેક અને હાર્ટ સ્ટ્રોક પણ સામેલ છે. નિષ્ણાંત તબીબો કહે છે કે સામાન્ય રીતે વ્યસ્ત રહેલી લાઈફસ્ટાઈલના કારણે યુવા શારરિક ગતિવિધી પર વધારે ધ્યાન આપી શકતા નથી. જેના કારણે કાર્ડિયોવેસ્કુયલર ડીસિઝ, ટાઈપ બે ડાયાબિટીસ અને સ્થુળતા જેવી બિમારીનો ખતરો બે ગણો રહે છે. તે હાઈ બ્લડ પ્રેશર લિપિડ લેવલ્સને પણ વધારી દે છે. જે સીધી રીતે હાર્ટની બિમારી સાથે જોડાયેલ રહે છે. હાથમાં જુદા જુદા પ્રમાણમાં બ્લડપ્રેશરના સીધા સંબંધ હાર્ટ એટેકના ખતરા સાથે છે. ડાબા હાથમાં રહેનાર બ્લડપ્રેશર જમણા હાથ કરતાં અલગ છે તો હાર્ટ એટેક અથવા તો સ્ટ્રોકનો હુમલો થવાનો ખતરો રહેલો છે. આજે પ્રકાશિત કરવામાં આવેલા નવા લેન્ડસેટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે હાથની વચ્ચે જુદા જુદા બ્લડપ્રેશરનું પ્રમાણ વેસક્યુલર રિસ્ક અને મોત વચ્ચે સીધા સંબંધ ધરાવે છે. આ પ્રકારના તારણો બંને હાથના બ્લડપ્રેશરની ચકાસણી માટે કરવામાં આવતી વાતને સમર્થન આપે છે. હાથની વચ્ચે પ્રતિકાત્મક બ્લડપ્રેશર અલગ અલગ હોવાની સ્થિતિમાં ચકાસણીની વાત કરવામાં આવ્યા બાદ વધુ પરિક્ષણ કરવામાં આવી રહ્યા છે. અભ્યાસના ભાગરૂપે જુદા જુદા બ્લડપ્રેશરને આવરી લેતા ૨૮ પેપરોની ચકાસણી કરવામાં આવી હતી. આમા જાણવા મળ્યું કે ૧૫ એમએમ એચજી અથવા તો વધુના અંતરનો સીધો સંબંધ વેસક્યુલર રોગના ખતરા સાથે સંબંધિત છે. લોહીના પુરવઠાનો પણ આની સાથે સીધો સંબંધ છે.સામાન્ય રીતે અમે એક હાથમાં બીપીની ચકાસણી કરાવીએ છીએ. ડાયાબીટીશના કેસમાં અમે બંને હાથ અને પગમાં ચકાસણી કરાવીએ છીએ. સામાન્ય રીતે ભારતમાં ૩૦ ટકા દર્દીઓના બંને હાથ વચ્ચે ૧૦ એમએમ એચજી અંતર છે. જો કે બંને હાથમાં બીપી ચકાસણી એક સામાન્ય કવાયત છે.



## વિશેષ

લેખક : રાજનાથ સિંહ


**ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદે ૧૬ મે, ૧૯૫૨ના રોજ પ્રથમ લોકસભાને સંબોધતા સંસદના સભ્યોને તેમની લોકશાહી જવાબદારીઓની ગંભીરતાની યાદ અપાવી**

**રાષ્ટ્રપતિની ચૂંટણી અને પ્રથમ સામાન્ય ચૂંટણીઓ સાથે સ્વતંત્ર ભારતની લોકશાહી યાત્રાનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે અને દેશ હવે બીજા તબક્કામાં પ્રવેશી રહ્યો છે જે અવિરત રહેશે । તેમના મતે, લોકશાહી યાત્રાનો બીજો તબક્કો ત્યારે જ સફળ થશે જ્યારે રાજ્ય અને શાસન લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે સંપૂર્ણપણે સમર્પિત હશે**

# આપણે ભારતના લોકો અને આપણી સતત જવાબદારી

**નૈતિક જવાબદારીને શાસનના કેન્દ્રમાં મૂકીને, આપણા બંધારણના ઘડવૈયાઓએ રાજ્ય અને તેના નાગરિકો વચ્ચેના સંબંધને ફરીથી વ્યાખ્યાયિત કર્યો, ભારતના લોકો હવે શાસકના વિષય ન હતા, પરંતુ અધિકારો ધરાવતા નાગરિકો હતા**

ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે ૧૬ મે, ૧૯૫૨ના રોજ પ્રથમ લોકસભાને સંબોધતા સંસદના સભ્યોને તેમની લોકશાહી જવાબદારીઓની ગંભીરતાની યાદ અપાવી હતી. તેમણે સ્પષ્ટતા કરી હતી કે બંધારણની જાહેરાત, રાષ્ટ્રપતિની ચૂંટણી અને પ્રથમ સામાન્ય ચૂંટણીઓ સાથે સ્વતંત્ર ભારતની લોકશાહી યાત્રાનો પ્રથમ તબક્કો પૂર્ણ થઈ ગયો છે અને દેશ હવે બીજા તબક્કામાં પ્રવેશી રહ્યો છે જે અવિરત રહેશે. તેમના મતે, લોકશાહી યાત્રાનો બીજો તબક્કો ત્યારે જ સફળ થશે જ્યારે રાજ્ય અને શાસન લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે સંપૂર્ણપણે સમર્પિત હશે.આ નૈતિક જવાબદારીને શાસનના કેન્દ્રમાં મૂકીને, આપણા બંધારણના ઘડવૈયાઓએ રાજ્ય અને તેના નાગરિકો વચ્ચેના સંબંધને ફરીથી વ્યાખ્યાયિત કર્યો. ભારતના લોકો હવે શાસકના વિષય ન હતા, પરંતુ અધિકારો ધરાવતા નાગરિકો હતા.લોકશાહીની એક વ્યાખ્યા મુજબ, લોકશાહીનો અર્થ "લોકોનું, લોકો દ્વારા અને લોકો માટે" શાસન થાય છે.આપણા બંધારણની પ્રસ્તાવનામાં સ્પષ્ટપણે જણાવાયું છે કે આપણા દેશમાં સાર્વભૌમત્વ લોકો પાસે છે અને આ બંધારણ ભારતના લોકોએ પોતાના માટે બનાવ્યું હતું. તેથી, બંધારણ અપનાવવાની સાથે "લોકોનું" સિદ્ધાંત સાકાર થયો.૧૯૫૨માં પહેલી સામાન્ય ચૂંટણીઓ સાથે, જ્યારે લોકસભા અને વિધાનસભાના સભ્યો પુખ્ત મતાધિકારના આધારે ચૂંટાયા હતા, ત્યારે બીજો સિદ્ધાંત લોકો દ્વારા - સ્થાપિત થયો હતો.પરંતુ લોકશાહીનો ત્રીજો મહત્વપૂર્ણ સિદ્ધાંત - લોકો માટે - એક સતત પ્રક્રિયા છે. આ સતત પ્રક્રિયા વિશે ડૉ. રાજેન્દ્ર પ્રસાદે વાત કરી હતી જ્યારે તેમણે કહ્યું હતું કે ભારતની યાત્રાના બીજા તબક્કામાં કોઈ વિરામ રહેશે નહીં.આ બધા તથ્યો એ સ્પષ્ટ કરે છે કે બંધારણ અને લોકશાહીની સમગ્ર વ્યવસ્થાના હૃદયમાં "આપણે, ભારતના લોકો" છીએ અને તેમનો સામાજિક અને આર્થિક ઉત્થાન એ ધ્યેય છે.આ ધ્યેય હંમેશા ભારતની રાજકીય ચેતનાનો અભિન્ન ભાગ રહ્યો છે. પ્રાચીન ભારતમાં, "યોગ-ક્ષેમ"નો સિદ્ધાંત વ્યક્તિના કલ્યાણ અને સુરક્ષા સાથે જોડાયેલો હતો. મહાત્મા ગાંધીના "સર્વોદય"ના વિચારમાં પણ સૌનો ઉત્થાન છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયના "અખંડ માનવતાવાદ" અને "અંત્યોદય"ના સિદ્ધાંતો પણ વ્યક્તિના સર્વાંગી વિકાસ અને વંચિતોના ઉત્થાન પર ધ્યાન કેન્દ્રિત કરે છે. નાગરિકોને વિકાસના કેન્દ્રમાં રાખવાની આ પરંપરા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની "સબકા સાથ, સબકા વિકાસ"ની નીતિમાં પણ સમાયેલી છે.૨૦૧૪થી પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ હેઠળ લોકો-કેન્દ્રિત શાસનનું આ વિઝન સરકારની નીતિઓ અને કાર્યોમાં સ્પષ્ટપણે પ્રતિબિંબિત થયું છે. આનાથી બંધારણીય ઉદ્દેશ્યોની પરિપૂર્ણતાને વેગ મળ્યો છે અને મજબૂત બનાવવામાં આવી છે.બંધારણમાં રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતો હેઠળ રાજ્યની જવાબદારી છે કે તે કામદારો માટે માનવીય અને ન્યાયી પરિસ્થિતિઓ સુનિશ્ચિત કરે. આ દિશામાં કામ કરતા, કેન્દ્ર સરકારે તાજેતરમાં ૨૯ શ્રમ કાયદાઓને ચાર શ્રમ સંહિતામાં એકીકૃત કર્યા છે. આ કામદારોને વધુ સારી આર્થિક અને સામાજિક સુરક્ષા પૂરી પાડવા તરફનું એક મોટું પગલું છે.બંધારણ રાજ્યને આર્થિક અસમાનતાઓ ઘટાડવા માટે સતત પ્રયાસ કરવાનો નિર્દેશ આપે છે. આ ઉદ્દેશ્ય ત્યારે જ પ્રાપ્ત થઈ શકે છે જ્યારે સમાજના દરેક વર્ગને શિક્ષણ અને રોજગારમાં સમાન તકો મળે. વર્ષોથી લેવામાં આવેલા અનેક મહત્વપૂર્ણ નીતિગત નિર્ણયોને કારણે તમામ સ્તરે તકોની સમાનતા પ્રાપ્ત થઈ છે.એક નોંધપાત્ર ઉદાહરણ સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ છે, જેણે તાજેતરમાં તેની દસમી વર્ષગાંઠ પૂર્ણ કરી છે. આ પહેલ હેઠળ આપવામાં આવતી નીતિગત સહાય, નાણાકીય સહાય અને માર્ગદર્શન દ્વારા, કોઈપણ વ્યક્તિ માટે વ્યવસાય શરૂ કરવાનું ખૂબ સરળ બન્યું છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં દેશમાં ૨૦૦,૦૦૦થી વધુ DPIIT-માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સની સ્થાપના એ વાતનો પુરાવો છે કે સમાન તકોની નીતિ કેવી રીતે સમાવિષ્ટ આર્થિક વિકાસને વેગ આપી શકે છે. આમાં સૌથી પ્રેરણાદાયક બાબત એ છે કે આ સ્ટાર્ટઅપ્સમાં મોટી સંખ્યામાં પ્રથમ



પેઢીના ઉદ્યોગસાહસિકો છે.આર્થિક પ્રગતિ ત્યારે જ સમાવિષ્ટ બને છે જ્યારે તકની સમાનતા હોય. આવકની અસમાનતા ઘટાડવામાં આ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. છેલ્લા ૧૨ વર્ષોમાં બધી આર્થિક નીતિઓ આ વિચારથી પ્રેરિત છે. પરિણામે, ભારતની આર્થિક પ્રગતિના લાભો દરેક નાગરિક સુધી સમાન રીતે પહોંચી રહ્યા છે.વિશ્વ બેંકના સ્પ્રિંગ ૨૦૨૫ ગરીબી અને સમાનતા સંક્ષિપ્ત અહેવાલ મુજબ, ભારતે છેલ્લા દાયકામાં ૧૭૧ મિલિયન લોકોને અત્યંત ગરીબીમાંથી બહાર કાઢ્યા છે. સામાજિક રીતે વંચિત વ્યક્તિઓ અને આર્થિક રીતે નબળા વ્યક્તિઓ બંને માટે અનામતનો વિસ્તાર કરવામાં આવ્યો છે.કેન્દ્ર સરકારે સતત સમાવેશી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, તેમજ લોકો માટે ગૌરવપૂર્ણ જીવન અને સામાજિક ન્યાય સુનિશ્ચિત કર્યો છે. વિકલાંગ વ્યક્તિઓના અધિકારો અધિનિયમ, ૨૦૧૬ અને મુસ્લિમ મહિલા (લગ્ન અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૨૦૧૯ જેવા કાયદાઓ દ્વારા સામાજિક ન્યાયને વધુ મજબૂત બનાવવામાં આવ્યો છે.સ્વચ્છ ભારત મિશન (જીમ્સ) એ ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત કરવાની આ ભાવનાનું એક ઉત્તમ ઉદાહરણ છે. આ મિશનનું નેતૃત્વ લોકો પોતે કરી રહ્યા છે, તેને એક જન આંદોલનમાં પરિવર્તિત કરી રહ્યા છે. આ પહેલ ફક્ત સ્વચ્છતા વિશે નહોતી, પરંતુ દાયકાઓથી ખુલ્લામાં શૌચ કરવા માટે મજબૂર થયેલા લાખો લોકોના ગૌરવને પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ હતો.



**ઓફિસમાં લાંબા સમય સુધી બેસતા લોકોને આવરીને અભ્યાસ...**

**લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની સ્થિતીમાં પેરામાં વિકલાંગતા પણ આવી શકે છે આ અભ્યાસના તારણ ઇંગ્લેન્ડની લિવરપુલ જહોન મુરે યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવ્યા છે**

# લાંબા સમય બેસવાથી મેમરી લોસ

**લાંબા સમય સુધી બેસતા લોકોના દિમાગના આરોગ્યને નુકસાન થાય છે : સતત બેસી રહેવાની બાબત સ્મોકિંગ જેમ જ ખુબ ખતરનાક છે**

જો તમે ઓફિસ પર સિટિંગ જોબ કરી રહ્યા છો તો તમને થોડીક સાવધાની રાખવાની જરૂર છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવાની સ્થિતીમાં કેટલાક નુકસાન રહેલા છે. આના કારણે મેમરી નોસ પણ થઈ શકે છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની નોકરીના કારણે દિમાગમાં લોહીના સંચારને ધીમે કરી દેવામાં ભૂમિકા અદા કરે છે. તેના પરિણામ ખુબ ઘાતક હોઈ શકે છે. હાલમાં ઓફિસમાં કલાકો સુધી એક જગ્યા બેસીને કામ કરનાર લોકોને આવરી લઈને અભ્યાસ કરવામાં આવ્યા બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. જે ઘાતક છે. તેમાં કહેવામાં આવ્યુ છે કે લાંબા સમય સુધી બેઠા રહેવાની બાબત દિમાગના આરોગ્ય માટે નુકસાનકારક છે. પરંતુ જો વચ્ચેના ગાળામાં અડધા કલાક ઉભા થઈને બે મિનિટ માટે ફરી તો તેના કારણે ફાયદો થાય છે. જેના કારણે દિમાગમાં લોહીના સંચારમાં વધારો થાય છે.

દિમાગમાં લોહી સંચાર થવાની બાબત સામાન્ય પ્રક્રિયા તરીકે છે. જે લાઈફ માટે ખુબ જ જરૂરી છે. તેના કારણે જ બ્રેઈન ઓળખવાનુ કામ કરે છે. દિમાગની કોશિકાને પણ લોહી અને ઓક્સીજન તેમજ પોષક તત્વોની જરૂર હોય છે. જે લોહીના કારણે તેને મળે છે.



આ ઉપરાંત દિમાગમાં કેટલીક અન્ય રક્ત વાહીનિ પણ હોય છે. જે માથાને લોહી પહોંચાડી દેવાનુ કામ કરે છે. પરંતુ લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહીને કામ કરવાની સ્થિતીમાં નુકસાન થાય છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેસી રહેવાની સ્થિતીમાં આ પ્રક્રિયાને અસર થાય છે. આના પહેલા માનવી અને પ્રાણીઓને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દિમાગમાં જો લોહીના સંચારમાં થોડીક પણ અડચણો આવે તો વિચારવાની ક્ષમતા પર સીધી અસર થાય છે. મેમરી પર પ્રભાવ થાય છે. જ્યારે લાંબા સમય સુધી અટકી જવાની સ્થિતીમાં દિમાગ સંબંધિત બિમારીને જન્મ આપવાનો ખતરો વધી જાય ચે. તેમાં ડિમેન્શિયા અને મેમરી લોસનો ખતરો રહે છે.

લાંબા સમય સુધી બેઠા રહેવાને લઈને કેટલાક અભ્યાસ કરવામાં આવી ચુક્યા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે સતત બેઠા રહેવાની સ્થિતીમાં શરીરના તમામ હિસ્સામાં લોહીના સંચારમાં અસર થાય છે. આમાં સૌથી વધારે અસર પગમાં થાય છે. લાંબા સમય સુધી એક જગ્યાએ બેઠા રહેવાની સ્થિતીમાં પેરામાં વિકલાંગતા પણ આવી શકે છે. આ અભ્યાસના તારણ ઈંગ્લેન્ડની લિવરપુલ જહોન મુરે યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવ્યા છે. અભ્યાસમાં સામેલ રહેલા લોકોએ એક સ્થાન પર બેસીને નોકરી કરનાર લોકોને આવરી લઈને અભ્યાસની પ્રક્રિયા હાથ ધરી હતી. આ તમામ લોકો દ્વારા એક જગ્યાએ બેસીને સતત ચાર કલાકથી વધારે સમય સુધી કામ કર્યુ હતુ. આ લોકો પોતાની સીટ પર માત્ર બાથરૂમ જવા માટે જ ઉઠતા હતા. શોધ કરનાર નિષ્ણાંતોએ તેમના બ્રેક અને ત્યારબાદ બ્લડ સંચારને લઈને ગણતરી કરી હતી. પરિણામ એવા જ આવ્યા હતા જેવી ગણતરી કરવામાં આવી હતી. અને આશા રાખવામાં આવી હતી. ચાર કલાક સુધી સતત બેસીને કામ કરનારમાં લોહી સંચારની ગતિ ધીમી નજરે પડી હતી. પરંતુ વચ્ચેના ગાળામાં બે મિનિટ વોક કરવામાં આવ્યુ ત્યારે બ્લડ ફલોમાં વધારો પણ થયો છે. આ અભ્યાસનુ નેતૃત્વ કરનાર સોફી કાર્ટરે કહ્યુ છે કે ઓફિસમાં કામ કરનાર લોકોને વચ્ચેના ગાળામાં થોડાક સમય માટે ફરવાની તક લેવી જોઈએ. તેમને કહેવામાં આવ્યુ છે કે તમે જે કામ કરી રહ્યા છો તે હાલમાં એક ચક્કર લગાવી દેવામાં આવે તે જરૂરી છે. કેટલીક સીઢીઓ ઉતરવી જોઈએ. આના કારણે દિમાગને રાહત થશે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસના તારણ બાદ તમામ લોકો સાવધાન થઈ ગયા છે. કેટલાક નિષ્ણાંતો કહે છે કે સ્મોકિંગની જેમ જ તે પણ સતત બેસવાના કારણે નુકસાન પહોંચાડે છે.

# પ્રિયજનની યાદમાં હૃદય ધબકાવું એ સોનેરી ઘટના છે. કેમ કે એકલતાના ખંડમાં ચમકતો પ્રકાશ તો જીવનના ઉત્સવને માણવા માટેનો અવસર છે



## મન ઉપવન

મુકેશ આંજણા

માણસના જીવનમાં અનેક વિચિત્ર ઘટના બને છે. કેટલીક એવી પળ આવે જેના લીધે એકલતાનો અહેસાસ થતો હોય છે. સાવ નરી એકલતાનો પ્રકાશ રાત્રિના ઓરડામાં ઝબૂકતો હોય ત્યારે જીવનની આસપાસ રચાતા દ્રશ્યો બરાબર સમજાય તો જીવનના બધા કોરા પાના ભીના થઈ જાય છે. એકલતા સહન કરનારમાં સમજણ કેળવાય છે. પ્રેમ થયાની માણસ પાસે યાદો હોય, વાંચન અને લેખનનો શોખ હોય ત્યારે ગમે તેવી એકલતા સહન કરવાની શક્તિ પ્રગટી ઉઠે છે. પ્રિયજનની યાદમાં હૃદય ધબકાવું એ સોનેરી ઘટના છે. કેમ કે એકલતાના ખંડમાં ચમકતો પ્રકાશ તો જીવનના ઉત્સવને માણવા માટેનો અવસર છે. સ્ત્રી માટે એકલતા સહન કરવી એ આગ બરાબર છે. સ્ત્રીને સાંપડેલ પ્રેમ એકલતાના સમયે વધારે પીડા આપનાર સાબિત થાય છે, એકબીજા પ્રેમી વિખુટા પડ્યા પછી પ્રેમને પીડામાં તબદીલ કરે છે. ત્યારે સ્ત્રી માટે પ્રેમ પીડા બની જાય છે. એકલતામાં જીવન દાઝતું હોય છે ત્યારે દરેક ક્ષણ કષ્ટદાયક લાગતી હોય છે. પ્રેમ પામ્યા બાદ એકલા રહેવાનો અવસર કિસ્મતમાં સાંપડે તો યાદનાં આધારે જીવી જવાતું હોય છે. પ્રેમમાં એવી શક્તિ છે કે જીવનનો થાક દૂર કરી દે છે. કવિ સુરેશ દલાલે ડેવિડ ઈગ્નાતોની કવિતાનો અનુવાદ કર્યો છે. ડેવિડ ઈગ્નાતોએ ગાયું છે "મધરાતનો સમય છે, મકાન શાંત છે. દૂરથી સંભળાય છે વાદ્ય સુંવાળપથી વગાડતું. હું એકલો છું અને જાણે કે ધીમા સંગીતના સૂરમાં દુનિયાનો અંત આવતો હોય એમ લાગે છે, અસ્તિત્વનો આકાર બદલવા માટેની ગડમથલ થતી હોય છે. દરેક માણસને એકલતા હેરાન- પરેશાન કરી મૂકે છે. કવિવર રવીન્દ્રનાથ ટાગોર માટે મૃત્યએ કવિતા ન હતી પરંતુ મૃત્ય પછી એકલતા આવી તેમાં કવિતાનું શાસ્વત સત્ય પ્રગટી ઉઠ્યું હતું. માનવીના હૃદયમાં પ્રેમ પડેલો છે. પ્રેમ પ્રગટે એ જીવનની મૂલ્યવાન ચીજ છે. રવીન્દ્રનાથે કાદંબરીદેવીના મૃત્ય પછી ચાર પ્રિયજનના મૃત્યનો સામનો કર્યો હતો. કવિવર માટે કાંદબરીદેવી હૃદયનો ધબકાર હતો, પ્રેમનો બગીચો હતા. કાંદબરી દેવીના મૃત્યુ બાદ રવીન્દ્રનાથ ટાગોરના જીવનમાં ભયાનક એકલતા આવી હતી તેમણે તે માંથી એક નવા સત્યની



શોધ કરી હતી. વિક્ટોરિયા ઓકામ્પો રવીન્દ્રનાથના પ્રેમમાં હતા. એકવાર વિક્ટોરિયા ઓકામ્પોને પત્ર લખીને કહ્યું હતું 'તે અનેકવાર જોયું છે કે હું ઘરને યાદ કરું છું પણ ભારતને કારણે નહીં પણ મારા હૃદયમાં એક અવિરત સત્ય છે જેમાં હું મારી અંતરત્તમ સ્વતંત્રતા પર એક માત્ર મારા પરમેશ્વરનો અધિકાર છે, પ્રેમ માણસને જીવંત રાખે છે. એકલતા ભૂતકાળ તરફ લઈ જાય છે. યાદનો દરિયો રચાય અને હોઠમાંથી મૌનનો પ્રકાશ દીપી ઉઠે ત્યારે જીવન સાથેનો સંબંધ વિશે ખ્યાલ આવે છે.

એકલતા સમય પસાર કરવા માટે નથી, તે જીવનનો અર્ક શોધવા માટે છે. દરેક માનવીના હૃદયમાં એક વિશ્વ છુપાયેલું છે. એકલતા વચ્ચે ભાવભીનું વિશ્વ પડેલું છે, હૃદયના ઊંડાણનો અવાજ સાંભળવા માટે એકલતા ઘણી મહત્વ છે. લાંબા ગાળાની એકલતા માણસને પશુ બનાવી નાખે છે. ભીડ ભરી દુનિયામાં માણસ ખોવાઈ ગયો છે પરંતુ એકલતા જીવનને શોભિત કરે છે. જે માણસને એકલતા સહન કરતાં આવડે છે તે જીવનની દિશા સરળતાથી શોધી શકે છે અને પોતાનામાં છૂપાયેલી સર્જનાત્મક શક્તિ જાણી શકે છે. એકલા રહેવાથી જીવન શું છે તેનો ખ્યાલ આવે છે. માણસ મોટા ટોળા પાસેથી કે વર્ગખંડમાં જેટલું શીખી શકતો નથી એટલું એકલતા ભરી પળમાં શીખી શકે છે. બંગાળી સાહિત્યકાર શરતચન્દ્ર ચટ્ટોપાધ્યાયે સુવિખ્યાત નવલકથા 'દેવદાસ'માં પાર્વતીની એકલતા વિશે સુંદર રીતે લખ્યું છે. દેવદાસ પાર્વતીને એકલતા ભર્યા દિવસોમાં પત્ર લખે છે ભાવાનુવાદ એવો થાય છે "દુઃખ માત્ર તે છે કે મારા કારણે દુઃખ ભોગવી રહી છે. કોશિશ કર મને ભૂલી જવાની. દિલથી આશીર્વાદ આપું છું કે તું મને ભૂલી જા". સ્ત્રી અને પુરુષની એકલતામાં ફર્ક છે. પુરુષ પીને પોતાનું શરીરનું બેલેન્સ ગૂમાવે છે, સ્ત્રી ખાઈને શરીરનું બેલેન્સ ગુમાવે છે. અર્થાત સ્ત્રી માટે એકલતા ડુસકા ભરી રાત છે.

પુરુષ માટે ખામોશીનો દરિયો છે. જીવનના સરવાળા- બાદ બાકી કરવામાં ઘણી મજા નથી પરંતુ વતર્માન ક્ષણ વિશે વિચારવું એ જીવનની કિતાબને રંગીન અક્ષરોથી મઢી નાખે છે. એકલતા ભરી પળમાં જીવનની કિતાબ વાંચવાનો સમય મળે છે. જીવનનું માપ સ્કેલથી કે પૈસાની ગણતરી કરવાથી થઈ શકતું નથી. જીવન એ તપસ્યા છે. એકલતા ભર્યા દિવસો જીવનને માણવા માટે, જીવનના કોરા પાના પર સુખના અક્ષર પાડવા માટે સૂચન કરે છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

### જમ્મુમાં વિશ્વવિખ્યાત માતા વૈષ્ણોદેવી મંદિર સહિત ઊંચાણવાળા વિસ્તારોમાં મધ્યમથી ભારે હિમવર્ષા પડી

# ઉત્તર ભારતમાં આકાશી આફત, હિમાચલમાં ૫૩૫ રસ્તાઓ બંધ | મનાલી-શિમલામાં ચક્કાજામ

### જમ્મુ-કાશ્મીરથી હિમાચલ પ્રદેશ સુધીના વિસ્તારોમાં આંધી-તોફાન સાથે ભારે હિમવર્ષાના કારણે જનજીવન ખોરવાયું | ખરાબ વાતાવરણના કારણે હવાઈ અને રેલવે સેવાઓ પણ ખોરવાઈ

| પ્રતિનિધિ, હિમાચલ પ્રદેશ , તા.૨૫ |

જમ્મુમાં વિશ્વવિખ્યાત માતા વૈષ્ણોદેવી મંદિર સહિત ઊંચાણવાળા વિસ્તારોમાં મધ્યમથી ભારે હિમવર્ષા પડી હતી. શુક્રવારથી જ ઉત્તર ભારતના અનેક રાજ્યોમાં વાતાવરણ બદલાયું હતું. જમ્મુ-કાશ્મીરથી હિમાચલ પ્રદેશ સુધીના વિસ્તારોમાં આંધી-તોફાન સાથે ભારે હિમવર્ષાના કારણે જનજીવન ખોરવાયું હતું. ખરાબ વાતાવરણના કારણે હવાઈ અને રેલવે સેવાઓ પણ ખોરવાઈ હતી. પૂંચમાં ૧૦૦થી વધુ પ્રવાસીઓ ફસાયા હતા. જમ્મુ-કાશ્મીરમાં બધી જ ફ્લાઈટ રદ કરી દેવાઈ હતી જ્યારે શિમલામાં સ્કૂલોમાં રજા જાહેર કરી દેવાઈ હતી. જોકે, પર્વતીય વિસ્તારોમાં બરફની સફેદ ચાદર છવાતા પ્રવાસીઓ ખુશખુશાલ થઈ ગયા હતા. ઉત્તર ભારતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થવાથી જમ્મુ-કાશ્મીરથી હિમાચલ પ્રદેશ સુધીના પર્વતીય વિસ્તારોમાં આંધી-તોફાન સાથે ભારે હિમવર્ષા અને મેદાની વિસ્તારોમાં વરસાદ ખાબક્યો હતો, જેના કારણે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું હતું. જમ્મુ-કાશ્મીરમાં તાપમાન શૂન્યથી નીચે ગયું હતું જ્યારે ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના અનેક વિસ્તારોમાં તાપમાન શૂન્ય નજીક પહોંચી ગયું હતું. પૂંછમાં પ્રતિ કલાક ૮૦ અને અનંતનાગમાં પ્રતિ કલાક ૬૦ કિ.મી.ની ગતિએ પવન ફૂંકાયો હતો જ્યારે અન્ય વિસ્તારોમાં પણ ભારે પવન ફૂંકાતા વૃક્ષો, થાંભલા અને વીજળીના તાર પડી ગયા હતા. વાતાવરણમાં આવેલા અચાનક પરિવર્તનથી અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી.

ઉત્તર ભારતમાં આકાશી આફતને કારણે પહાડી વિસ્તારોમાં બેથી ત્રણ ફૂટ જેટલા બરફના થર જામી ગયા છે, ગુજરાતીઓના મનપસંદ સ્થળ મનાલી અને શિમલામાં ભારે ટ્રાફિકજામ જોવા મળી રહ્યો છે. હિમાચલ પ્રદેશના ૫૩૫ રસ્તાઓ પર વાહન વ્યવહાર ખોરવાયો છે.

હવામાનની સ્થિતિ જતાં પૂંછમાં ૨૮ જાન્યુઆરી સુધી સ્વાસ્થ્ય કર્મચારીઓની રજાઓ રદ કરી દેવાઈ છે. હવામાન વિભાગે જણાવ્યું કે, જમ્મુ-કાશ્મીરના લગભગ બધા જ ભાગોમાં વરસાદ અને હિમવર્ષા થયા છે. પૂંચ અને ઉધમપરુ જિલ્લાઓમાં બરફાચ્છાદિત વિસ્તારોમાં ૧૦૦થી વધુ પ્રવાસીઓ ફસાયા હતા જ્યારે મેદાની વિસ્તારોમાં મધ્યમ વરસાદના પગલે લગભગ બે મહિના કરતાં વધુ સમય સુધી ચાલેલો ડ્રાય સ્પેલ પૂરો થયો હતો.

એક પોલીસ અધિકારીએ કહ્યું કે, પૂંચ જિલ્લાના મેન્ધાર વિસ્તારમાં તોતાગાલિમાં ૭૦ લોકો ફસાયા હતા. તેમને વિપરિત હવામાન છતાં બચાવી લેવાયા હતા. ભારે હિમવર્ષાના કારણે કૃષ્ણા ઘાટીમાં અન્ય ૩૦થી વધુ પ્રવાસીઓ ફસાયા હતા. હિમવર્ષના કારણે ભારત અને કાશ્મીર ખીણને જોડતો એકમાત્ર જમ્મુ-શ્રીનગર નેશનલ હાઈવે પણ બંધ કરી દેવાયો હતો, જેના પગલે હજારો વાહનો રસ્તામાં ફસાયા હતા. બીજીબાજુ કાશ્મીરમાં શુક્રવારે ભારે હિમવર્ષાના કારણે બધી જ ૨૦ ફ્લાઈટ રદ કરી દેવાઈ હતી, જેથી હવાઈ ટ્રાફિક ખોરવાયો હતો. હિમવર્ષાના પગેલ વિમાનો માટે રનવે અસલામત થઈ ગયો હતો.

હવામાન વિભાગે જમ્મુ-કાશ્મીરના છ જિલ્લામાં હિમપ્રપાતની ચેતવણી આપી હતી. આગામી ૨૪ કલાકમાં ગંદરબલ જિલ્લામાં ૨૩૦૦ મીટરથી ઉપરના ઊંચાણવાળા વિસ્તારમાં હિમપ્રપાતનું જોખમ છે. ઉત્તરાખંડમાં પણ સિઝનની પહેલી હિમવર્ષા થઈ હતી. જોકે, હવામાન વિભાગે અનેક વિસ્તારો માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરી છે.

### ગંદરબલ જિલ્લામાં ૨૩૦૦ મીટરથી ઉપરના ઊંચાણવાળા વિસ્તારમાં હિમપ્રપાતનું જોખમ



દરમિયાન જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ અને હિમાચલથી દિલ્હી સુધીના વિસ્તારોમાં પ્રવાસીઓમાં હિમવર્ષાથી ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. હિમાચલ પ્રદેશમાં શુક્રવારે આ સિઝનની પહેલી હિમવર્ષા થઈ હતી, જેથી ત્રણ મહિના લાંબા ડ્રાય સ્પેલનો અંત આવ્યો હતો અને હિલ સ્ટેશનો પર પ્રવાસીઓ ખુશીથી ઝુમી ઊઠયા હતા. હિમવર્ષાથી ખેડૂતો અને બાગાયતી પાકના ઉત્પાદકોને પણ રાહત થઈ હતી. જોકે, ભારે હિમવર્ષાના કારણે શિમલામાં સ્કૂલો બંધ કરવી પડી હતી. વાતાવરણ બદલાતા દિલ્હીમાં મધ્યમ વરસાદ પડયો હતો, જેને પગલે અનેક જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા, જેથી ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા.

## પંજાબના સરહિંદમાં રેલ્વે ટ્રેક પર જોરદાર વિસ્ફોટ, ખાલિસ્તાની આતંકી સંગઠને લીધી જવાબદારી

| એજન્સી, ફતેહગઢ, તા.૨૫ |

ભારતમાં ૨૬ જાન્યુઆરીની ઉજવણી પૂર્વે પંજાબના ફતેહગઢ સાહિબ જિલ્લાના સરહિંદમાં રેલવે ટ્રેક પર મોડી રાત્રે એક પ્રચંડ વિસ્ફોટ થયો છે. આ ધડાકાને કારણે રેલવે ટ્રેકના ફુરચા ઊડી ગયા હતા અને ત્યાંથી પસાર થઈ રહેલી એક માલગાડીના ડ્રાઈવરને ઈજાઓ પહોંચી હતી. આ હુમલાની જવાબદારી પ્રતિબંધિત આતંકી સંગઠન 'ખાલિસ્તાન ઝિંદાબાદ ફોર્સ' એ સ્વીકારી છે. સંગઠનના વડા રણજીત સિંહ નીટાના હસ્તાક્ષરવાળી એક નોટ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે, જેમાં આ વિસ્ફોટને માત્ર એક 'ટ્રેલર' ગણાવવામાં આવ્યું છે.પાકિસ્તાનથી કાર્યરત આતંકી રણજીત સિંહ નીટાએ વાયરલ નોટમાં ભારત સરકારને ખુલ્લી ચેતવણી આપી છે. તેણે લખ્યું છે કે, 'આ વિસ્ફોટ અમે પેસેન્જર ટ્રેનમાં પણ કરી શક્યા હોત, પરંતુ અમારો ઈરાદો જાનહાનિ કરવાનો નથી. આ સરકાર માટે એક ચેતવણી છે. ખાલિસ્તાનની અમારી માંગ પહેલા પણ હતી અને આગળ પણ રહેશે. અમે શાંતિથી બેઠા નથી અને બેસવા પણ નહીં દઈએ. ખાલિસ્તાન ન બને ત્યાં સુધી અમારો સંઘર્ષ અને આવા એક્શન ચાલુ રહેશે.'ઘટનાની ગંભીરતાને જોતા રોપડ રેન્જના ડીઆઈજી નાનક સિંહ અને અન્ય ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફોરેન્સિક ટીમે નમૂના લઈ તપાસ શરૂ કરી છે.

## દેશનાં ઉત્તરી ભાગોમાં ઠંડીનો પ્રકોપ જારી | કાશ્મીરમાં લઘુતમ તાપમાન સતત ઘટી રહ્યું છે

| એજન્સી, અમૃતસર, તા.૨૫ |

પંજાબનાં અમૃતસરમાં લઘુતમ તાપમાન ઘટીને ૧.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું. જમ્મુ-કાશ્મીરનાં સોનામાર્ગમાં માઈનસ ૮.૯ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધવામાં આવ્યું હતું. પોલીસનાં જણાવ્યા અનુસાર હરિયાણાનાં નૂંહમાં કુંડલી-માનેસર-પલવલ (કેએમપી) એક્સપ્રેસવે પર રવિવાર સવારે ગાઢ ધુમ્મસને કારણે વાહનો એકબીજા સાથે ટકરાતા એક ટ્રક ડ્રાઈવર સહિત બે લોકોનાં દાઝી જવાથી મોત થયા હતાં.તેમણે જણાવ્યું હતું કે આ અકસ્માતને કારણે લાંબો ટ્રાફિક જામ થયો હતો અને એક્સપ્રેસ વે ઉપર પણ ટ્રાફિકમાં અવરોધ ઉભો થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે ઉત્તર પ્રદેશનાં બરેલી જિલ્લામાં રવિવાર સવારે ગાઢ ધુમ્મસને કારણે દિલ્હી-લખનઉ નેશનલ હાઈવે પર ઓછામાં ઓછા ૨૦ વાહનો એકબીજા સાથે ટકરાયા હતાં. ઉત્તર પશ્ચિમ ભારતમાં આગામી એક સપ્તાહ દરમિયાન ગાઢ ધુમ્મસ અને ઠંડી જારી રહેશે. કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ કે બરફવર્ષાની પણ સંભાવના છે. ઉત્તર પ્રદેશમાં આ સિઝનનો સૌથી ગાઢ ધુમ્મસ જોવા મળ્યો હતો. પંજાબનાં અમૃતસરમાં લઘુતમ તાપમાન ઘટીને ૧.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યું હતું.

### રાષ્ટ્રપતિએ ખાસ કરીને મહિલા મતદારોની પ્રશંસા કરી

# લોભ, લાલચ, ખોટી માહિતીથી દૂર રહીને મતાધિકારનો ઉપયોગ કરો : રાષ્ટ્રપતિએ દેશવાસીઓને અપીલ કરી

### ભારતીય ચૂંટણી પંચના સ્થાપના દિવસના ઈતિહાસ પર પ્રકાશ પાડતા રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, 'જ્યારે ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભા દ્વારા ભારતીય બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો, ત્યારે તેના ૧૬ અનુચ્છેદ તાત્કાલિક અમલમાં આવ્યા

| એજન્સી, નવી દિલ્હી, તા.૨૫ |

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રવિવારે દિલ્હી ખાતે આયોજિત ૧૬મા રાષ્ટ્રીય મતદાતા દિવસના કાર્યક્રમમાં નાગરિકોને સંબોધિત કરતા લોકશાહીના પર્વમાં ઉત્સાહભેર ભાગ લેવા અપીલ કરી હતી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, ભારતીય નાગરિકો કોઈપણ પ્રકારના લોભ-લાલચ, પૂર્વગ્રહ અથવા ખોટી માહિતીથી પ્રભાવિત થયા વગર પોતાના વિવેકબુદ્ધિથી મતાધિકારનો ઉપયોગ કરશે, જેનાથી દેશની ચૂંટણી પ્રણાલી વધુ મજબૂત બનશે.આ પ્રસંગે રાષ્ટ્રપતિએ ખાસ કરીને મહિલા મતદારોની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'તાજેતરની ચૂંટણીઓમાં મહિલાઓ જે રીતે મોટી સંખ્યામાં મતદાન કરવા આગળ આવી રહી છે તે લોકશાહી માટે પ્રોત્સાહક છે. મતદાન એ માત્ર અધિકાર નથી પરંતુ એક મહત્વપૂર્ણ



બંધારણીય ફરજ પણ છે અને દરેક નાગરિકે આ જવાબદારી પ્રત્યે સભાન રહેવું જોઈએ.'

ભારતીય ચૂંટણી પંચના સ્થાપના દિવસના ઈતિહાસ પર પ્રકાશ પાડતા રાષ્ટ્રપતિએ જણાવ્યું કે, 'જ્યારે ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભા દ્વારા ભારતીય બંધારણનો સ્વીકાર કરવામાં આવ્યો, ત્યારે તેના ૧૬ અનુચ્છેદ તાત્કાલિક અમલમાં આવ્યા હતા. આ પૈકીનો એક અનુચ્છેદ ચૂંટણી પંચની રચના અંગેનો હતો. ભારત પ્રજાસત્તાક બન્યાના એક દિવસ પૂર્વે એટલે કે ૨૫ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ચૂંટણી પંચ અસ્તિત્વમાં આવ્યું હતું, જ્યારે બંધારણનો બાકીનો ભાગ ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી અમલી બન્યો હતો.' ઉલ્લેખનીય છે કે દેશમાં છેલ્લા ૧૬ વર્ષથી ચૂંટણી પંચના સ્થાપના દિવસને રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રવિવારે દિલ્હી ખાતે આયોજિત ૧૬મા રાષ્ટ્રીય મતદાતા દિવસના કાર્યક્રમમાં નાગરિકોને સંબોધિત કરતા લોકશાહીના પર્વમાં ઉત્સાહભેર ભાગ લેવા અપીલ કરી હતી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે, ભારતીય નાગરિકો કોઈપણ પ્રકારના લોભ-લાલચ, પૂર્વગ્રહ અથવા ખોટી માહિતીથી પ્રભાવિત થયા વગર પોતાના વિવેકબુદ્ધિથી મતાધિકારનો ઉપયોગ કરશે, જેનાથી દેશની ચૂંટણી પ્રણાલી વધુ મજબૂત બનશે.આ પ્રસંગે રાષ્ટ્રપતિએ ખાસ કરીને મહિલા મતદારોની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'તાજેતરની ચૂંટણીઓમાં મહિલાઓ જે રીતે મોટી સંખ્યામાં મતદાન કરવા આગળ આવી રહી છે તે લોકશાહી માટે પ્રોત્સાહક છે.

### ૨ કરોડનો ઈનામી અનલનો પણ ખાત્મો

## ઝારખંડમાં મોત બનીને ત્રાટક્યા જવાનો, ૩૬ કલાકમાં ૨૧ નક્સલી ઠાર

| એજન્સી, સારંડા, તા.૨૫ |

ઝારખંડના સારંડાના ગાઢ જંગલોમાં છુપાયેલા નક્સલીઓ પર સુરક્ષાદળો કાળ બનીને ત્રાટક્યા છે. છેલ્લા ૩૬ કલાકથી ચાલી રહેલી ભીષણ અથડામણમાં અત્યાર સુધીમાં ૨૧ નક્સલીઓને ઠાર મારવામાં આવ્યા છે. ગુરુવારે ૧૫ નક્સલીઓના મોતની પુષ્ટિ થયા બાદ, શુક્રવારે વધુ ૬ મૃતદેહો મળી આવતા મૃત્યુઆંક ૨૧ પર પહોંચી ગયો છે.સુરક્ષાદળોએ ૨ કરોડથી વધુના ઈનામી અને કુખ્યાત નક્સલી કમાન્ડર પતિરામ માંઝી ઉર્ફે અનલ દાને તેના ૨૫ સાથીઓ સાથે ઘેરી લીધો હતો. આ ઓપરેશનમાં અનલ દા સહિત ૨૧ નક્સલીઓ માર્યા ગયા છે. અનલ દા પર ઝારખંડ સરકારે એક કરોડ રૂપિયા, ઓડિશા સરકારે ૧.૨ કરોડ રૂપિયા અને નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ૧૫ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. આમ, તેના પર કુલ ૨.૩૫ કરોડ રૂપિયાનું ઈનામ હતું.આ મોટી સફળતા CRPF અને ઝારખંડ પોલીસના સંયુક્ત ઓપરેશનનું પરિણામ છે. ગુપ્ત માહિતીના આધારે સુરક્ષાદળોએ પશ્ચિમ સિંહભૂમ જિલ્લાના સારંડાના ગાઢ જંગલોમાં નક્સલીઓની આ ટોળકીને ઘેરી લીધી હતી. નક્સલીઓ તરફથી ફાયરિંગ શરૂ થયા બાદ સુરક્ષાદળોએ મોરચો સંભાળ્યો અને જડબાતોડ જવાબી કાર્યવાહી કરી, જેમાં નક્સલીઓને ભારે નુકસાન થયું.ઝારખંડના સારંડાના ગાઢ જંગલોમાં છુપાયેલા નક્સલીઓ પર સુરક્ષાદળો કાળ બનીને ત્રાટક્યા છે. છેલ્લા ૩૬ કલાકથી ચાલી રહેલી ભીષણ અથડામણમાં અત્યાર સુધીમાં ૨૧ નક્સલીઓને ઠાર મારવામાં આવ્યા છે. ગુરુવારે ૧૫ નક્સલીઓના મોતની પુષ્ટિ થયા બાદ, શુક્રવારે વધુ ૬ મૃતદેહો મળી આવતા મૃત્યુઆંક ૨૧ પર પહોંચી ગયો છે.સુરક્ષાદળોએ ૨ કરોડથી વધુના ઈનામી અને કુખ્યાત નક્સલી કમાન્ડર પતિરામ માંઝી ઉર્ફે અનલ દાને તેના ૨૫ સાથીઓ સાથે ઘેરી લીધો હતો. આ ઓપરેશનમાં અનલ દા સહિત ૨૧ નક્સલીઓ માર્યા ગયા છે. અનલ દા પર ઝારખંડ સરકારે એક કરોડ રૂપિયા, ઓડિશા સરકારે ૧.૨ કરોડ રૂપિયા અને નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ૧૫ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું.

### ન્યૂઝ બ્રિફ



## બે ખતરનાક ગુનેગારોને જેલમાં પ્રેમ થયો, ૧૫ દિવસના પેરોલ મળતા લગ્ન કર્યા

| એજન્સી, નવી દિલ્હી, તા.૨૪ |

મોડેલ રહી ચુકેલી પ્રિયા સેઠને ડેટિંગ એપ પર મળેલા દુષ્યંત શર્મા નામના યુવકની હત્યાના કેસમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે. હાલમાં તે સાંગાનેર ઓપન જેલમાં પોતાની સજા કાપી રહી છે. જે હત્યાના કેસમાં પ્રિયા દોષિત ઠરી છે તે ૨૦૧૮નો છે. ૨ મે, ૨૦૧૮ના રોજ, પ્રિયાએ તેના પ્રેમી દીક્ષાંત કામરા અને અન્ય એક વ્યક્તિની મદદથી દુષ્યંત સિંહની હત્યા કરી હતી. તેનો પ્લાન દુષ્યંતનું અપહરણ કરી ખંડણી માંગવાનો હતો, જેથી તે તેના તત્કાલીન પ્રેમી દીક્ષાંત કામરાનું દેવું ચૂકવી શકે.

પ્રિયાએ ટિન્ડર પર દુષ્યંત સાથે દોસ્તી કરી અને તેને એક ફ્લેટ પર બોલાવ્યો. જ્યારે તે મળવા આવ્યો ત્યારે એનું અપહરણ કરીને દુષ્યંતના પિતા પાસે ૧૦ લાખ રૂપિયાની માંગણી કરી, જેમાંથી પિતાએ ૩ લાખ રૂપિયા ટ્રાન્સફર પણ કર્યા હતા. પકડાઈ જવાના ડરે તેણે દુષ્યંતની હત્યા કરી અને લાશને સૂટકેસમાં ભરીને પહાડીઓમાં ફેંકી દીધી. દુષ્યંતના મૃતદેહમાંથી હાથ, પગ સહિત બધા અંગો કાપીને અલગ કરી નાખ્યા હતા.

ઓળખ છુપાવવા માટે તેના ચહેરા પર છરીના અનેક ઘા પણ કર્યા હતા.હનુમાન પ્રસાદની પ્રેમિકા સંતોષ અલવરમાં તાઈક્વોડો પ્લેયર હતી અને હનુમાન પ્રસાદથી ૧૦ વર્ષ મોટી હતી. ૨ ઓક્ટોબર, ૨૦૧૭ની રાત્રે સંતોષે તેના પતિ અને બાળકોની હત્યા કરવા માટે હનુમાન પ્રસાદને ઘરે બોલાવ્યો હતો. ત્યાં પહોંચીનેતેણે પશુઓને કાપવાના છરા વડે સંતોષના પતિ બનવારી લાલની હત્યા કરી નાખી.

## કાશ્મીરમાં સફરજનની ખેતીના કારણે યુવાન આત્મઘાતી બોમ્બર બનતા રહી ગયો

| એજન્સી, શ્રીનગર, તા.૨૫ |

ગયા વર્ષે નવેમ્બર મહિનામાં દિલ્હીના લાલ કિલ્લા પાસે આતંકીઓ દ્વારા આત્મઘાતી વિસ્ફોટ કરવામાં આવ્યો હતો, આ હુમલા અંગે નવો ખુલાસો થયો છે. એજન્સીઓને તપાસમાં જાણકારી મળી છે કે આ હુમલાને બે આત્મઘાતી હુમલાખોરો અંજામ આપવાના હતા, આ હુમલામાં માર્યા ગયેલા આતંકી ડો. ઉમર નબીએ પોતાની સાથે વધુ એક આતંકીને સુસાઈડ બોમ્બર તરીકે રાખવા નિર્ણય કર્યો હતો. જોકે આ બીજો આતંકી કાશ્મીરમાં સફરજનની ખેતી કરવાની હોવાથી હુમલામાં સામેલ નહોતો થઈ શક્યો. શ્રીનગર પોલીસ અને કેન્દ્રીય તપાસ એજન્સી એનઆઈએ દ્વારા નાબીના આતંકી મોડયુલનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. આ વિસ્ફોટમાં આતંકી નબી ખુદને બોમ્બથી ઉડાવવાને કારણે માર્યો ગયો હતો પરંતુ જે અન્ય આતંકીઓ ઝડપાયા છે તેની પૂછપરછમાં નબીના આતંકી મોડયુલના નવા ખુલાસા થયા છે. એજન્સીઓએ કાશ્મીરના શોપિયાંના રહેવાસી યાસીર અહેમદ ડારની ધરપકડ કરી હતી. નબીએ ડારનું બ્રેઈનવોશ કરીને તેને આતંકવાદી બનાવી નાખ્યો હતો.

## દિલ્હીમાં રૂ. પાંચ કરોડનું કોકેન અને એમડીએમએ ટેબલેટ જપ્ત

| એજન્સી, નવી દિલ્હી, તા.૨૫ |

દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચે નાઈજિરિયન નાગરિકો દ્વારા સંચાલિત એક ઈન્ટરનેશનલ ડ્રગ સિંડિકેટનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીમાં બે વિદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં પાંચ કરોડ રૂપિયાનું કોકેન અને એમડીએમએ જપ્ત કરવામાં આવ્યું છે. આ ઓપરેશન દિલ્હીનાં અલગ અલગ વિસ્તારોમાં ચલાવવામાં આવ્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર ઓપરેશન દરમિયાન ૪૧૮ ગ્રામ કોકેન, ૯૨૫ એમડીએમએ ટેબલેટ (એક્સ્ટેસી) જપ્ત કરવામાં આવી છે. પોલીસ છેલ્લા સમયથી એક્ટિવ ડ્રગ સપ્લાયરોની પ્રવૃત્તિઓ પર કડક નજર રાખી રહી હતી.

## અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં બરફનું તોફાન યથાવત | ૭૦ લોકોના મોત

| એજન્સી, કાબુલ, તા.૨૫ |

એક મુખ્ય હાઈવે બંધ થઈ જવાથી સેંકડો પ્રવાસીઓ ફસાઈ ગયા છે.અફઘાનિસ્તાનમાં ખરાબ હવામાન અને બરફના તોફાનથી ભારે ખુંવારી થઈ છે. જુદા જુદા પ્રાંતમાં ત્રણ દિવસથી ચાલતી આ કુદરતી આફતમાં ૬૧ લોકોના મુત્યુ થયા છે. અફઘાનિસ્તાનના ડિઝાસ્ટર વ્યવસ્થાપનના જણાવ્યા અનુસાર ૧૧૦ લોકો ઘાયલ પણ થયા છે. ઘરોને મોટા પાયે નુકસાન થયું છે. એક મુખ્ય હાઈવે બંધ થઈ જવાથી સેંકડો પ્રવાસીઓ ફસાઈ ગયા છે. સાલંગ રાજમાર્ગને બંધ કરી દેવામાં આવ્યો છે. રાહત અને બચાવકર્મીઓ મધ્ય બામયાન પ્રાંતમાં એક પર્વતની ખીણમાં ફસાયેલા પ્રવાસીઓને ખોરાક-પાણી પહોંચાડી રહયા છે. બરફવર્ષા ઉપરાંત ભૂસ્ખલનની ઘટનામાં ૪૫૮ જેટલા ઘરોને નુકસાન થયું છે અથવા તો સંપૂર્ણ રીતે નાશ પાંમ્યા છે. અફઘાનિસ્તાનના પાડોશી દેશ પાકિસ્તાનના ખૈબર પખ્તનખ્વામાં પણ વિષય હવામાનના પગલે જાનમાલને નુકસાન થયું છે. હિમ સ્ખલનના પગલે પરિવારના ૯ લોકોના મોત થયા છે. પર્વતીય ચિત્રાલ જિલ્લાના ડોમેલ ક્ષેત્રમાં આ ઘટના બની હતી. સ્થાનિય પ્રશાસનના જણાવ્યા અનુસાર ખૈબર જિલ્લાની તિરાહઘાટીમાં બચાવ અભિયાન ચાલું છે. ૅએક મુખ્ય હાઈવે બંધ થઈ જવાથી સેંકડો પ્રવાસીઓ ફસાઈ ગયા છે.અફઘાનિસ્તાનમાં ખરાબ હવામાન અને બરફના તોફાનથી ભારે ખુંવારી થઈ છે. જુદા જુદા પ્રાંતમાં ત્રણ દિવસથી ચાલતી આ કુદરતી આફતમાં ૬૧ લોકોના મુત્યુ થયા છે.

### દિલ્હીમાં વાયુ પ્રદૂષણ મુદ્દે રાહુલ ગાંધી ચિંતિત | 'આ પ્રદૂષણની આપણે ભારે કિંમત ચૂકવી રહ્યા છીએ, જેની અસર આપણા સ્વાસ્થ્ય અને દેશની અર્થવ્યવસ્થા એમ બંને પર પડી રહી છે' : કૉંગ્રેસ સાંસદ

# 'સંકટ આગામી શિયાળા સુધી નહીં ભુલી શકાય' : કૉંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી

| એજન્સી, નવી દિલ્હી, તા.૨૫ |

કૉંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં વાયુ પ્રદૂષણના ગંભીર મુદ્દે ફરી એકવાર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે, 'આ પ્રદૂષણની આપણે ભારે કિંમત ચૂકવી રહ્યા છીએ, જેની અસર આપણા સ્વાસ્થ્ય અને દેશની અર્થવ્યવસ્થા એમ બંને પર પડી રહી છે.'રાહુલ ગાંધીએ બાળકો, વૃદ્ધો, શ્રમિકોની ચિંતા વ્યક્ત કરી કહ્યું કે, 'ઝેરી હવાનો સૌથી વધુ ખરાબ અનુભવ બાળકો અને વૃદ્ધોને થઈ રહ્યો છે. પ્રદૂષણને કારણે લાદવામાં આવતા પ્રતિબંધો અને ખરાબ હવાને લીધે આ ગરીબ વર્ગની આજીવિકા પર સીધી અસર પડી રહી છે. કરોડો સામાન્ય ભારતીયો દરરોજ આ બોજ સહન કરવા મજબૂર બન્યા છે.'

વિપક્ષી નેતાએ લોકોને અપીલ કરી હતી કે, 'આ સંકટને માત્ર શિયાળો પૂરો થતા ભૂલી જવું જોઈએ નહીં. તમારો અવાજ બુલંદ છે, તેથી તમારે અવાજ બુલંદ કરવો મારી જવાબદારી છે.' રાહુલ ગાંધીએ એક લિંક શેર કરીને લોકોને વિનંતી કરી છે કે પ્રદૂષણને કારણે તેમને કે તેમના પરિવારને કેવી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે તેના અનુભવો શેર કરે.

બીજી તરફ, દિલ્હીમાં છેલ્લા બે દિવસથી થયેલા વરસાદને કારણે પ્રદૂષણના સ્તરમાં આંશિક રાહત જોવા મળી છે. રવિવારે સવારે



૯ વાગ્યે એક્યુઆર ૧૫૦ નોંધાયો હતો, જે મધ્યમ શ્રેણીમાં આવે છે. છેલ્લા સાડા ત્રણ મહિનામાં પ્રથમ વખત શનિવારે છઊં આટલી નીચી સપાટીએ પહોંચ્યો છે. રવિવારે લઘુત્તમ તાપમાન ૬.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતા ૦.૯ ડિગ્રી ઓછું છે. વરસાદને કારણે ધૂળના રજકણો બેસી જવાથી લોકોને શ્વાસ લેવામાં થોડી રાહત મળી છે.કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં વાયુ પ્રદૂષણના ગંભીર મુદ્દે ફરી એકવાર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર લખ્યું છે કે, 'આ પ્રદૂષણની આપણે ભારે કિંમત ચૂકવી રહ્યા છીએ, જેની અસર આપણા સ્વાસ્થ્ય અને દેશની અર્થવ્યવસ્થા એમ બંને પર પડી રહી છે.'રાહુલ ગાંધીએ બાળકો, વૃદ્ધો, શ્રમિકોની ચિંતા વ્યક્ત કરી કહ્યું કે, 'ઝેરી હવાનો સૌથી વધુ ખરાબ અનુભવ બાળકો અને વૃદ્ધોને થઈ રહ્યો છે. પ્રદૂષણને કારણે લાદવામાં આવતા પ્રતિબંધો અને ખરાબ હવાને લીધે આ ગરીબ વર્ગની આજીવિકા પર સીધી અસર પડી રહી છે.

# ૧૩૦૦૦ ફ્લાઈટ્સ રદ, બત્તી ગુલ, લોકોને ઘરમાં રહેવા અપીલ । અમેરિકામાં બરફનું તોફાન





વોશિંગ્ટન : અમેરિકામાં હાલમાં કુદરતનો પ્રચંડ કહેર જોવા મળી રહ્યો છે. એક વિશાળ વિન્ટર સ્ટોર્મે (બરફનું તોફાન) અમેરિકાના અડધાથી વધુ ભાગને પોતાની લપેટમાં લીધો છે. ૨,૩૦૦ માઈલ સુધી ફેલાયેલા આ વાવાઝોડાએ પરિવહન અને વીજળી વ્યવસ્થાને સંપૂર્ણપણે ઠપ્પ કરી દીધી છે. પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અનેક રાજ્યોમાં કટોકટી જાહેર કરી છે.અહેવાલો અનુસાર, અમેરિકામાં હિમવર્ષા અને વિઝિબિલિટી ઓછી હોવાને કારણે એવિએશન સેક્ટરને સૌથી મોટો ફટકો પડ્યો છે. ફ્લાઈટઅવેરના અહેવાલ મુજબ, શનિવાર અને રવિવાર દરમિયાન ૧૩,૦૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. કોરોનાકાળ પછી એક જ દિવસમાં આટલી મોટી સંખ્યામાં ફ્લાઈટ્સ રદ થવાની આ પ્રથમ ઘટના છે.રસ્તાઓ પર બરફના જાડા થર જામી જવાથી વાહન વ્યવહાર જોખમી બન્યો છે. ભારે હિમવર્ષા અને પવનને કારણે વીજળીના ટાવરો અને વૃક્ષો ધરાશાયી થયા છે. ટેક્સાસ અને લ્યુઈસિયાનામાં જ ૫૦,૦૦૦થી વધુ ઘરોમાં વીજળી ગુલ થઈ ગઈ છે. સમગ્ર અસરગ્રસ્ત વિસ્તારમાં અંદાજે ૧,૨૦,૦૦૦ ઘરો અંધારામાં ડૂબી ગયા છે.નેશનલ વેધર સર્વિસના જણાવ્યા મુજબ, અમેરિકાની અડધાથી વધુ વસ્તી આ તોફાનથી પ્રભાવિત છે. પરિસ્થિતિને પહોંચી વળવા માટે ફેડરલ ઈમરજન્સી મેનેજમેન્ટ એજન્સીએ રાહત સામગ્રી અને બચાવ ટીમો તહેનાત કરી દીધી છે.

## રિચા ચઢ્ઢાની નવા શો માટેની ચીક બોબ હેરસ્ટાઈલ વાયરલ બની



। એજન્સી, મુંબઇ, તા.૨૫ ।

રિચા ચઢ્ઢાનો નવો હેર લૂક વાયરલ બન્યો છે. તેણે પોતાના લાંબા સ્ટ્રેઈટ વાળ કપાવીને હવે ચીક બોબ હેરકટ કરાવ્યા છે.તેણે તેના આગામી ઓટીટી શો માટે આ નવા હેરકટ કરાવ્યા હોવાનું કહેવાય છે. રિચાના આ નવા શોનું શૂટિંગ આગામી ફેબ્રુઆરીથી થવાનું છે. તે પહેલાં તેણે આ લૂક અપનાવ્યો છે. તે પોતે આ શો વિશે આજકાલમાં જાહેરાત કરે તેવી સંભાવના છે. રિચા છેલ્લે સંજય લીલા ભણશાળીની ઓટીટી સીરિઝ ‘હીરામંડી’માં દેખાઈ હતી. ૨૦૨૪માં માતા બન્યા પછી તેણે કારકિર્દીમાં થોડા સમય માટે વિરામ લીધો હતો. હવે તે ફરી કેટલાક નવા પ્રોજેક્ટસ પર કામ શરુ કરી રહી છે. રિચા ચઢ્ઢાનો નવો હેર લૂક વાયરલ બન્યો છે. તેણે પોતાના લાંબા સ્ટ્રેઈટ વાળ કપાવીને હવે ચીક બોબ હેરકટ કરાવ્યા છે.તેણે તેના આગામી ઓટીટી શો માટે આ નવા હેરકટ કરાવ્યા હોવાનું કહેવાય છે. રિચાના આ નવા શોનું શૂટિંગ આગામી ફેબ્રુઆરીથી થવાનું છે. તે પહેલાં તેણે આ લૂક અપનાવ્યો છે. તે પોતે આ શો વિશે આજકાલમાં જાહેરાત કરે તેવી સંભાવના છે. રિચા છેલ્લે સંજય લીલા ભણશાળીની ઓટીટી સીરિઝ ‘હીરામંડી’માં દેખાઈ હતી. ૨૦૨૪માં માતા બન્યા પછી તેણે કારકિર્દીમાં થોડા સમય માટે વિરામ લીધો હતો.

### અફઘાનિસ્તાનમાં કુદરતના પ્રકોપના કારણે

## ૬૧ના મોત, ૪૫૮ ઘરો જમીનદોસ્ત, ૧૨ રાજ્યોમાં અંધારપટ...। અફઘાનિસ્તાન પર આભ ફાટ્યું

**સતત ત્રણ દિવસથી ભારે બરફવર્ષા અને મુશળધાર વરસાદના કારણે અનેક વિસ્તારોમાં ભારે તારાજી સર્જાઈ । બુધવારથી શનિવાર સુધીમાં અફઘાનિસ્તાનના ઉત્તર તથા મધ્ય વિસ્તારોમાં ભારે બરફ વર્ષા થઇ**

। એજન્સી, કાબુલ, તા.૨૫ ।

ભારતના પડોશી દેશ અફઘાનિસ્તાનમાં કુદરતના પ્રકોપના કારણે ૬૧ લોકોના મોત થયા છે જ્યારે ૧૧૦થી વધુ હોસ્પિટલમાં દાખલ છે. સતત ત્રણ દિવસથી ભારે બરફવર્ષા અને મુશળધાર વરસાદના કારણે અનેક વિસ્તારોમાં ભારે તારાજી સર્જાઈ છે. બુધવારથી શનિવાર સુધીમાં અફઘાનિસ્તાનના ઉત્તર તથા મધ્ય વિસ્તારમાં ભારે બરફ વર્ષા થઈ. જેમાં ૪૫૮ જેટલા ઘરો ધરાશાયી થયા. તંત્રએ લોકોને અપીલ કરી છે કે એ રસ્તા પર બરફ જામી ગયો હોય ત્યાંથી અત્યંત જરૂરી ન હોય ત્યાં સુધી યાત્રા ન કરવી. તંત્રના જણાવ્યા અનુસાર બરફવર્ષાના કારણે અને ઘરોમાં છત ધરાશાયી થઈ હોવાની ઘટનાઓ પણ થઈ છે. અનેક વિસ્તારોમાં તાપમાન શૂન્યની નીચે જતાં રહેતા કેટલાક લોકોના તો ઠંડીના કારણે નિધન થયા છે. કાંધારમાં એક ઘરની છત ધરાશાયી થતાં છ વર્ષના બાળકનું મોત થયું હતું. સમગ્ર વિસ્તારમાં ત્રણ દિવસથી ભારે પવન સાથે મુશળધાર વરસાદ ખાબક્યો હતો. કુદરતી આફતના કારણે અત્યંત મહત્ત્વપૂર્ણ ગણાતો સાલંગ હાઈવે બંધ કરી દેવાયો છે. આ રસ્તો અફઘાનિસ્તાનના પાટનગર કાબુલને ઉત્તરના રાજ્યોને જોડે છે.



ટ્રાન્સપોર્ટેશન ઠપ થઈ જવાના કારણે તંત્રની ચિંતા વધી છે. બામિયાનના પહાડી વિસ્તારોમાં ફસાયેલા લોકોને તંત્ર તરફથી રાહત સામગ્રી આપવામાં આવી રહી છે.

આ સિવાય અફઘાનિસ્તાનના ૧૨ રાજ્યોને વીજળી આપતી ઉઝબેકિસ્તાનની વીજ લાઈન પણ ક્ષતિગ્રસ્ત થઈ ગઈ છે. જેના કારણે અનેક વિસ્તારોમાં બત્તીગુલ થઈ જતાં પડતાં પર પાટુ જેવી સ્થિતિ સર્જાઈ છે. વીજ વિભાગની ટીમો પણ હાઈવે બંધ હોવાના કારણે ઘટનાસ્થળે પહોંચી શકી નથી. અફઘાનિસ્તાનમાં છેલ્લા ઘણા સમયથી ભૂકંપ તથા અન્ય કુદરતી આફતોના કારણે લોકોનું જીવન અત્યંત મુશ્કેલ બની રહ્યું છે. બીજી તરફ વિદેશથી મળતી મદદમાં પણ ભારે ઘટાડો નોંધાયો છે. ભારતના પડોશી દેશ અફઘાનિસ્તાનમાં કુદરતના પ્રકોપના કારણે ૬૧ લોકોના મોત થયા છે જ્યારે ૧૧૦થી વધુ હોસ્પિટલમાં દાખલ છે. સતત ત્રણ દિવસથી ભારે બરફવર્ષા અને મુશળધાર વરસાદના કારણે અનેક વિસ્તારોમાં ભારે તારાજી સર્જાઈ છે. બુધવારથી શનિવાર સુધીમાં અફઘાનિસ્તાનના ઉત્તર તથા મધ્ય વિસ્તારમાં ભારે બરફ વર્ષા થઈ. જેમાં ૪૫૮ જેટલા ઘરો ધરાશાયી થયા. તંત્રએ લોકોને અપીલ કરી છે કે એ રસ્તા પર બરફ જામી ગયો હોય ત્યાંથી અત્યંત જરૂરી ન હોય ત્યાં સુધી યાત્રા ન કરવી.

### ચીન સાથે નવા વેપાર સોદા મુદ્દે ટ્રમ્પ ભડક્યા


## અમેરિકન પ્રમુખ ટ્રમ્પની કેનેડા પર ૧૦૦ ટકા ટેરિફ નાંખવાની ધમકી

**ચીન પહેલા જ વર્ષમાં કેનેડાને ગળી જશે, ગોલ્ડન ડોમનો વિરોધ ‘ગવર્નર’ કાર્નીને ભારે પડશે : ટ્રમ્પ**

। એજન્સી, વોશિંગ્ટન, તા. ૨૫ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની વચ્ચેનો વિખવાદ હવે નવી ઊંચાઈએ પહોંચ્યો છે. પ્રમુખ ટ્રમ્પના વિરોધ વચ્ચે કેનેડા ચીન સાથે નવો વેપાર કરાર કરવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે ટ્રમ્પે કેનેડા ચીન સાથે આ વેપાર કરાર કરશે તો તેના પર ૧૦૦ ટકા ટેરિફ નાંખવાની શનિવારે ધમકી આપી હતી. એટલું જ નહીં ટ્રમ્પે ફરી એક વખત કેનેડાના વડાપ્રધાન કાર્નીને અમેરિકાના ‘ગવર્નર’ કહીને સંબોધન કર્યું હતું.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગયા વર્ષે બીજા કાર્યકાળ માટે સત્તા પર આવ્યા ત્યારથી જ કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય અને કેનેડાના વડાપ્રધાનને ‘ગવર્નર’ કહીને સંબોધન કરે છે. એ જ રીતે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર લખ્યું કે, ‘ગવર્નર માર્ક કાર્નીને લાગે છે કે તેઓ કેનેડાને ચીન માટે ‘ડ્રોપ ઓફ પોર્ટ’ બનાવી દેશે, જ્યાંથી ચીન અમેરિકામાં સામાન અને ઉત્પાદનો મોકલશે તો તેઓ ખૂબ મોટી ભૂલ કરી રહ્યા છે. કેનેડા ચીન સાથે નવો વેપાર કરાર કરશે તો અમેરિકામાં આવતા બધા જ કેનેડિયન સામાન અને ઉત્પાદનો પર તાત્કાલિક અસરથી ૧૦૦ ટકા ટેરિફ નાંખવામાં આવશે.’ ટ્રમ્પે વધુમાં લખ્યું કે, કેનેડા ગ્રીનલેન્ડ પર અમેરિકા દ્વારા ગોલ્ડન ડોમના નિર્માણનો વિરોધ કરી રહ્યું છે જ્યારે ગોલ્ડન ડોમ કેનેડાની સુરક્ષા કરશે. તેના બદલે તેમણે ચીન સાથે વેપાર કરવાનું પસંદ કર્યું છે, જે પહેલા જ વર્ષમાં તેને ‘ગળી જશે’.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની વચ્ચેનો વિખવાદ હવે નવી ઊંચાઈએ પહોંચ્યો છે. પ્રમુખ ટ્રમ્પના વિરોધ વચ્ચે કેનેડા ચીન સાથે નવો વેપાર કરાર કરવાની તૈયારી કરી રહ્યું છે ત્યારે ટ્રમ્પે કેનેડા ચીન સાથે આ વેપાર કરાર કરશે તો તેના પર ૧૦૦ ટકા ટેરિફ નાંખવાની શનિવારે ધમકી આપી હતી. એટલું જ નહીં ટ્રમ્પે ફરી એક વખત કેનેડાના વડાપ્રધાન કાર્નીને અમેરિકાના ‘ગવર્નર’ કહીને સંબોધન કર્યું હતું.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગયા વર્ષે બીજા કાર્યકાળ માટે સત્તા પર આવ્યા ત્યારથી જ કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય અને કેનેડાના વડાપ્રધાનને ‘ગવર્નર’ કહીને સંબોધન કરે છે.

## વિદ્યા બાલન અક્ષય કુમારની પત્ની, રાશિ એક્સ ગર્લફ્રેન્ડની ભૂમિકામાં



। એજન્સી, મુંબઈ, તા.૨૫ ।

અનીસ બઝમી અક્ષય કુમારને લઈને એક ફિલ્મ બનાવી રહ્યો છે. તેની સ્ટોરીની થોડી વિગતો બહાર આવી છે. અક્ષય આ ફિલ્મમાં એક માજી પોલીસ અધિકારીની ભૂમિકા ભજવી રહ્યો છે. વિદ્યા બાલન તેની પત્નીની ભૂમિકામાં હશે જ્યારે રાશિ ખન્ના તેની એક્સ પ્રેમિકાની ભૂમિકામાં હશે તેમ કહેવાય છે. રાશિ ખન્ના એક કેસમાં અક્ષય કુમારની મદદ માગે છે તેવી ફિલ્મની વાર્તા છે. તાજેતરમાં મુંબઈમાં ગોરેગાંવ વિસ્તામાં તૈયાર કરાયેલા સેટ પર અક્ષય કુમારે આ ફિલ્મનું શૂટિંગ ચાલુ કરી દીધું છે.આ ફિલ્મને હજુ સુધી કોઈ ટાઈટલ અપાયું નથી. ફિલ્મ દ્વારા અક્ષય કુમાર અનીસ બઝમી સાથે લગભગ ૧૫ વર્ષ પછી કોલબરેટ કરી રહ્યો છે. અક્ષય કુમાર અને વિદ્યા બાલન પણ વર્ષો પછી સાથે દેખાશે. અનીસ બઝમી અક્ષય કુમારને લઈને એક ફિલ્મ બનાવી રહ્યો છે. તેની સ્ટોરીની થોડી વિગતો બહાર આવી છે. અક્ષય આ ફિલ્મમાં એક માજી પોલીસ અધિકારીની ભૂમિકા ભજવી રહ્યો છે. વિદ્યા બાલન તેની પત્નીની ભૂમિકામાં હશે જ્યારે રાશિ ખન્ના તેની એક્સ પ્રેમિકાની ભૂમિકામાં હશે તેમ કહેવાય છે. રાશિ ખન્ના એક કેસમાં અક્ષય કુમારની મદદ માગે છે તેવી ફિલ્મની વાર્તા છે. તાજેતરમાં મુંબઈમાં ગોરેગાંવ વિસ્તામાં તૈયાર કરાયેલા સેટ પર અક્ષય કુમારે આ ફિલ્મનું શૂટિંગ ચાલુ કરી દીધું છે.આ ફિલ્મને હજુ સુધી કોઈ ટાઈટલ અપાયું નથી.

## અમેરિકામાં ભારતીય પરિવારમાં ખુની ખેલ પતિએ પત્ની અને ત્રણ સગાની હત્યા કરી

। એજન્સી, એટલાન્ટા, ૨૫ ।

અમેરિકામાં રહેતા ભારતીય મૂળના વિજય કુમારે પોતાની પત્ની અને અન્ય ત્રણ સંબંધીની હત્યા કરી નાખી હતી. પરિવારના વિવાદોમાં આ હત્યા થઇ હોવાનું હાલમાં સામે આવ્યું છે. આ ઘટના અમેરિકાના જ્યોર્જિયાના લોરેન્સવીલે શહેરમાં સામે આવી હતી. પોલીસે હાલ આરોપી વિજય કુમારને કસ્ટડીમાં લઈને વધુ પૂછપરછ શરૂ કરી છે. આ સમગ્ર હત્યાકાંડ સમયે બાળકો ઘરે હતા જેમણે પોતાને છૂપાવીને જીવ બચાવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ વિજય કુમાર અને તેની પત્ની મીમુ ડોગરા વચ્ચે તેમના એટલાન્ટા સ્થિત ઘરે ઉગ્ર બોલાચાલી થઈ હતી. બાદમાં તેઓ પરિવારના અન્ય સભ્યોના બ્રૂક એલવી કોર્ટ સ્થિત ઘરે પહોંચ્યા હતા, તે સમયે પોતાનો ૧૨ વર્ષનો બાળક પણ સાથે હતો. આ સંબંધીઓના નામ ગૌરવ કુમાર, નીધી ચંદર હરીષ ચંદર છે. ઘટના સમયે સાત અને આઠ વર્ષના અન્ય બે બાળકો પણ ઘરે હતા. વિજય કુમારે સંબંધીઓના ઘરે પોતાની પત્ની મીમુ ડોગરા, ગૌરવ કુમાર, નીધી અને હરીષની હત્યા કરી નાખી હતી. જ્યારે સંબંધીઓના બે બાળકો કબાટમાં થુપાઈ ગયા હતા, જ્યારે હત્યારા વિજય કુમારના બાળકે હિમ્મત રાખી અને ઈમર્જન્સી નંબર ૯૧૧ પર ફોન કર્યો હતો. બાળકે સમગ્ર ઘટનાની જાણકારી આપતા તાત્કાલીક પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી.

## ૧૧,૦૦૦ ફીટની ઊંચાઈએ ચમત્કાર ? વિમાનમાં બ્લાસ્ટ છતાં ૭૪ પ્રવાસી બચી ગયા : હુમલાખોરનું મૃત્યુ

। એજન્સી, મગાદીશુ , તા.૨૫ ।

આશરે ૧૦ વર્ષ પૂર્વે ફેબ્રુ. ૨૦૧૬માં એક સોમાલી નાગરિક અબ્દુલવાહી અબ્દીસલામ બોરલેહ વિસ્ફોટવાળું લેપટોપ લઇ પાટનગર મોગાદીશુથી જીબુટી જતાં વિમાનમાં ચઢ્યો હતો. જૂના આર્કાઈવ્ઝમાંથી મળેલી માહિતી પ્રસિદ્ધ કરતાં સી.એન. એન. જણાવે છે કે તે હુમલાખોરને પહેલેથી જ માહિતી હતી કે ક્યાં બેસવાનું છે, એન તે ડીવાઈસ કેવી રીતે રાખવી, કે જેથી તે ફાટતાં વધુમાં વધુ નુકસાન થાય.બીબીસીના રીપોર્ટ પ્રમાણે ડાલો એરલાઈન્સની તે ફલાઈટે ટેક ઓફ કર્યુ પછી પંદરેક મીનીટમાં જ પ્લેન ૧૧,૦૦૦ ફીટ ઉપર પહોંચ્યું હતું. કેબિન પણ હજી પૂરેપૂરી પ્રેશરાઈઝડ્ઝ ન હતી.

અલજજીરાના રીપોર્ટ પ્રમાણે આ ધડાકાથી એરબસ એ-૩૨૧ વિમાન તુર્ત જ પાછું પાટનગર જીબુટી તરફ પાછું વાળવામાં આવ્યું હતુ. પછી નીચે ઉતારી તેની તપાસ કરતાં તે વિમાનના બહારના ભાગે એક મીટરનો છેદ પડી ગયો હતો અને હુમલાખોર માર્યો ગયો હતો.આશરે ૧૦ વર્ષ પૂર્વે ફેબ્રુ. ૨૦૧૬માં એક સોમાલી નાગરિક અબ્દુલવાહી અબ્દીસલામ બોરલેહ વિસ્ફોટવાળું લેપટોપ લઇ પાટનગર મોગાદીશુથી જીબુટી જતાં વિમાનમાં ચઢ્યો હતો. જૂના આર્કાઈવ્ઝમાંથી મળેલી માહિતી પ્રસિદ્ધ કરતાં સી.એન. એન. જણાવે છે કે તે હુમલાખોરને પહેલેથી જ માહિતી હતી કે ક્યાં બેસવાનું છે, એન તે ડીવાઈસ કેવી રીતે રાખવી, કે જેથી તે ફાટતાં વધુમાં વધુ નુકસાન થાય.બીબીસીના રીપોર્ટ પ્રમાણે ડાલો એરલાઈન્સની તે ફલાઈટે ટેક ઓફ કર્યુ પછી પંદરેક મીનીટમાં જ પ્લેન ૧૧,૦૦૦ ફીટ ઉપર પહોંચ્યું હતું. કેબિન પણ હજી પૂરેપૂરી પ્રેશરાઈઝડ્ઝ ન હતી.

**ભૌતિકશાસ્ત્રી થોમસ પાર્નેલે શરૂઆત કરી** | **પિચ ડ્રોપ એક્સપેરિમેન્ટ હેઠળ સોલિડ અને લિક્વિડ મેટરને સમજવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે**

## દુનિયાનો સૌથી લાંબો વૈજ્ઞાનિક પ્રયોગ લગભગ ૧૦૦ વર્ષથી અવિરત

। પ્રતિનિધિ, સિડની, તા.૨૫ ।

ઓસ્ટ્રેલિયાની યુનિવસટી ઓફ ક્વીન્સલેન્ડની લેબોરેટરીમાં એક અનોખો પ્રયોગ ચાલી રહ્યો છે. આ પ્રયોગ લગભગ ૧૦૦ વર્ષથી ચાલી રહ્યો છે. આ પ્રયોગને પિચ ડ્રોપ એક્સપેરિમેન્ટ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રયોગ દ્વારા સોલિડ અને લિક્વિડ મેટરને સમજવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. રિપોર્ટ મુજબ, ૧૯૨૭માં ભૌતિકશી થોમસ પાર્નેલે આ પ્રયોગ શરૂ કર્યો હતો. તેઓ સાબિત કરવા માંગતા હતા કે પિચ નામનો પદાર્થ જે દેખાવમાં કઠણ છે પરંતુ, તે વાસ્તવમાં દ્રવ્યની જેમ વહે છે. ઉલ્લેખનીય છે કે, પિચ એક તાર જેવી ચીપચીપી વસ્તુ



છે. જે નો ઉપયોગ જહાજોને પાણીથી બચાવવા માટે કરવામાં આવતો.

પિચને દુનિયાનું સૌથી ગાઢ દ્રવ્ય માનવામાં આવે છે. તે પાણી કરતાં આશરે ૧૦૦ અબજ ગણું વધુ ગાઢ છે. ૧૯૩૦માં પાર્નેલે કાચના ફનલમાં ભરેલા પિચનો તળિયો કાપ્યો જેથી ગુરુત્વાકર્ષણના કારણે તે ધીમે ધીમે નીચે ટપકવા લાગે. પ્રયોગમાં સામે આવ્યું કે, રૂમના તાપમાને પિચ કઠણ લાગે છે અને તેને તોડવાના પ્રયાસ કરવામાં આવે તો તે તૂટી પણ શકે છે. પ્રયોગમાં સામે આવ્યું કે, તેનું પહેલું ટીપું પડવામાં આઠ વર્ષ લાગી ગયા. ત્યાર પછી લગભગ દરેક આઠ વર્ષે એક ટીપું પડતું રહ્યું. ૧૯૮૦ના દાયકામાં લેબમાં એર કન્ડિશનિંગ લગાડવામાં આવતા તાપમાન ઓછું થયું હતું. જેના કારણે ગતિ વધુ ધીમી થઈ ગઈ હતી.આજ સુધી લગભગ ૧૦૦ વર્ષમાં માત્ર નવ ટીપાં પડયા છે. છેલ્લું ટીપું એપ્રિલ ૨૦૧૪માં પડયું હતું. વૈજ્ઞાનિકો માને છે કે દસમું ટીપું ૨૦૨૦ના દાયકાના અંતમાં પડી શકે છે. આશ્ચર્યની વાત એ છે કે આજ સુધી કોઈએ પણ પોતાની આંખે ટીપું પડતું જોયું નથી. કેમેરા અને લાઈવ સ્ટ્રીમ હોવા છતાં દરેક વખત તકનિકી ખામી કે સમયના કારણે તે ક્ષણ ચૂકાઈ ગઈ છે.થોમસ પાર્નેલના અવસાન પછી ૧૯૬૧માં ભૌતિકશી જ્હોન મેનસ્ટોન પ્રયોગના ઈન્ચાર્જ બન્યા. તેમણે ૫૨ વર્ષ સુધી આ પ્રયોગ પર નજર રાખી. પરંતુ તેઓ પણ કોઈ ટીપું પડતુ જોઈ શક્યા નહીં. ઓસ્ટ્રેલિયાની યુનિવસટી ઓફ ક્વીન્સલેન્ડની લેબોરેટરીમાં એક અનોખો પ્રયોગ ચાલી રહ્યો છે. આ પ્રયોગ લગભગ ૧૦૦ વર્ષથી ચાલી રહ્યો છે. આ પ્રયોગને પિચ ડ્રોપ એક્સપેરિમેન્ટ તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રયોગ દ્વારા સોલિડ અને લિક્વિડ મેટરને સમજવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. રિપોર્ટ મુજબ, ૧૯૨૭માં ભૌતિકશી થોમસ પાર્નેલે આ પ્રયોગ શરૂ કર્યો હતો.

**સંયુક્ત રાષ્ટ્રમાં ૧૪ દેશો ગેરહાજર રહ્યા હતા** | **યુએનએચઆરસીમાં પસાર કરવામાં આવેલા આ પ્રસ્તાવની તરફેણમાં ૨૫ મત પડ્યા હતા, જ્યારે સાત દેશોએ તેની વિરુદ્ધમાં મતદાન કર્યુ હતું**

## મુસીબતમાં ભારતનો સાથ મળતા ઈરાનને મોટી રાહત । ‘થેંક યૂ ઈન્ડિયા’: રાજદૂત મોહમ્મદ ફથલી

। એજન્સી , સંયુક્ત રાષ્ટ્ર, તા.૨૫ ।

સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના ૩૯મા વિશેષ સત્રમાં ઈરાન વિરુદ્ધ રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવના વિરોધમાં મતદાન કરીને ભારતે મિત્રતા નિભાવી છે. ભારતના આ નિર્ણય બદલ ભારતમાં ઈરાનના રાજદૂત મોહમ્મદ ફથલીએ ભારત સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.રાજદૂત મોહમ્મદ ફથલીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં ભારતના નિર્ણયને બિરદાવતા જણાવ્યું હતું કે, ‘હું યુએનએચઆરસીમાં ઈરાનના સૈદ્ધાંતિક અને દ્રઢ સમર્થન માટે ભારત સરકારનો હાર્દિક આભાર વ્યક્ત કરું છું, જેમાં અન્યાયી અને રાજકીય રીતે પ્રેરિત પ્રસ્તાવનો વિરોધ કરવાનો પણ સમાવેશ થાય છે. આ વલણ ન્યાય, બહુપક્ષવાદ અને રાષ્ટ્રીય સાર્વભૌમત્વ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.’યુએનએચઆરસીમાં પસાર કરવામાં આવેલા આ પ્રસ્તાવની તરફેણમાં ૨૫ મત પડ્યા હતા, જ્યારે સાત દેશોએ તેની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું અને ૧૪ દેશો ગેરહાજર રહ્યા હતા. ભારત આ પ્રસ્તાવના વિરોધમાં ઊભું રહ્યું હતું. આ પ્રસ્તાવમાં ઈરાનમાં શાંતિપૂર્ણ પ્રદર્શનો પર કરવામાં આવેલી હિંસક કાર્યવાહીની કડક ટીકા કરવામાં



આવી હતી.યુએનએચઆરસી દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, ‘પરિષદે એક પ્રસ્તાવ પસાર કર્યો છે, જેમાં ઈરાન પરના સ્વતંત્ર આંતરરાષ્ટ્રીય ફેક્ટ-ફાઈન્ડિંગ મિશનનો કાર્યકાળ બે વર્ષ માટે અને ઈરાનમાં માનવાધિકારની સ્થિતિ પરના વિશેષ પ્રતિવેદકનો કાર્યકાળ એક વર્ષ માટે વધારી દેવામાં આવ્યો છે. પ્રસ્તાવમાં ૨૮ ડિસેમ્બર ૨૦૨૫થી શરૂ થયેલા દેશવ્યાપી વિરોધ પ્રદર્શનોના દમન સંદર્ભે તપાસ મિશન દ્વારા તાત્કાલિક તપાસની માંગ કરવામાં આવી છે.’પ્રસ્તાવ દ્વારા ઈરાન સરકારને માનવાધિકારના ક્ષેત્રમાં તેની જવાબદારીઓ નિભાવવા કહેવામાં આવ્યું છે. યુએનએચઆરસીએ અહેવાલમાં લખ્યું છે કે, ‘ઈરાન સરકાર માનવાધિકારની જવાબદારીઓનું સન્માન કરે અને બિન-ન્યાયિક હત્યાઓ, મનસ્વી ધરપકડ, જાતીય હિંસા તેમજ અન્ય અમાનવીય વ્યવહાર અથવા દંડને રોકવા માટે તમામ જરૂરી પગલાં ભરે.’’ઉલ્લેખનીય છે કે, ગયા અઠવાડિયે જ ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી અને ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર વચ્ચે ટેલિફોનિક વાતચીત થઈ હતી, જેમાં બંને નેતાઓએ પ્રદેશની બદલાતી સ્થિતિ અને દ્વિપક્ષીય સંબંધો પર ચર્ચા કરી હતી. ભારતનું આ વલણ ઈરાન સાથેના તેના મજબૂત રાજદ્વારી સંબંધોની પુષ્ટિ કરે છે. સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદના ૩૯મા વિશેષ સત્રમાં ઈરાન વિરુદ્ધ રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવના વિરોધમાં મતદાન કરીને ભારતે મિત્રતા નિભાવી છે.




































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya